# આત્મધર્મ

## વર્ષ ૧૯

## સળંગ અંક ૨૨૮

**Version History**

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Apr 2004 | First electronic version. |

# આત્મધર્મ

વર્ષ: ૧૯ અંક: ૧૨ મો )　　તંત્રી : જગજીવન બાઉચંદ દોશી　　( આસો : ૨૪૮૮


## અહો ! તારી પ્રભુતાનો પંથ, સ્વભાવના જોરે શાન્તિ

પ્રભુ ! તારી સ્વતંત્ર પ્રભુતા તેં કદી સાંભળી નથી, વર્તમાન એકેક અવસ્થા પાછળ બેહદ તાકાતરૂપ પૂર્ણ પવિત્ર શક્તિ અખંડ સ્વભાવપણે ભરી છે તે સત્‌ની વાત અપૂર્વભાવે અંદરથી ઉછાળીને તે સાંભળી નથી; તારૂં મહાત્મ્ય તને આવ્યું નથી. જેણે પૂર્ણ અવિકારી સ્વભાવ માન્યો તે પ્રભુતાના પંથે પ્રયાણ કરી પોતાના અનંત સ્વાધીન સુખમાં સમાઈ ગયા જે માનશે તે પણ અક્ષય અખંડ શાંતિમાં સમાઈને અનંત સુખને અનુભવશે. યથાર્થ સ્વભાવનું ભાન થતાં વર્તમાનમાં પરમ અદ્‌ભુત શાંતિ અંશે વેદાય છે.

બેહદ પવિત્ર જ્ઞાનાનંદસ્વભાવની અંતરથી હા પાડનારની શક્તિનું માપ વર્તમાનમાં બેહદ છે. વિકારને જાણનારો તે વિકારરૂપે નથી. વિકાર તો ક્ષણિક અવસ્થા પૂરતો છે. તેનો નાશક સ્વભાવ વર્તમાનમાં પૂર્ણ પવિત્ર છે. તેની પ્રતીતિના જોરમાં વિકારનું જોર દેખાતું નથી. જેવો સ્વભાવ તેવી માન્યતા અને માન્યતા તેવો સ્વભાવ એમ પવિત્ર અવિકારી અસંગ એકરૂપ સ્વભાવની શ્રદ્ધાના જોરમાં નવતત્ત્વના રાગના વિકલ્પ તૂટી જાય છે. બે તત્ત્વ જુદાં હતાં તે જુદાં રહી જાય છે.

સમયસાર પ્રવચન ભા–૧ પાનું ૪૯૬

# સુ.....વ.....ર્ણ.....પુ.....રી.....

# સ.....મા.....ચા.....ર

પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવ સુખ શાન્તિમાં બિરાજમાન છે.

ભાદરવા સુદી ૫ થી ૧૪ દસલક્ષણપર્વમાં સવારે પ્રવચનમાં શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષામાંથી ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો ઉપર તથા શ્રી સમયસારજી શાસ્ત્રમાંથી ૪૭ શક્તિઓ ઉપર પ્રવચન તથા બપોરે પ્રવચનસાર–ચરણાનુયોગ ચૂલિકા અધિકારમાંથી ગાથા ૨૩૨ થી સમ્યકચારિત્ર ઉપર પ્રવચનો હતા. અત્યારે પ્રવચનસાર–ચારિત્ર અધિકાર સવારમાં, તથા સમયસાર ૪૭ શક્તિઓ ઉપર પ્રવચન બપોરે ચાલે છે.

આ સાલ પણ દસલક્ષણ પૂજન મંડળ વિધાનપૂર્વક પર્યુષપણપર્વ ખુબખુબ ઉત્સાહ અને ધર્મમહિમા પૂર્વક ઉજવાયા.

પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવના પ્રવચનો તથા સતસમાગમનો લાભ લેવા માટે હિન્દી ભાષી ધર્મ જિજ્ઞાસુઓની સંખ્યા વધતી જાય છે. તેઓને ઉતરવાના સ્થાનની સગવડ માટે જૈન ધર્મશાળા બાંધવાનું નક્કી થયું છે.

ભાદરવા સુદી ૫ ઉત્તમક્ષમાદિ દસ ધર્મમાં પ્રથમ દિવસે સવારે શ્રી જિનમંદિરમાં સુશોભિત મંડપમાં મંડલ વિધાન સહિત દસલક્ષણ મંડલ વ્રત વિધાનપૂજા શરૂ કરવામાં આવી હતી. પૂજાવિધિ પૂર્ણ થયા પછી પૂ. ગુરુદેવનું સ્વાધ્યાયમંદિરમાં પ્રવચન અને ત્યારપછી સવારે ૯ થી ૧૦ાા શ્રી જિનેન્દ્ર ભગવાનને ભવ્ય ગંધકૂટીવાળા રથમાં બિરાજમાન કરીને ભવ્ય રથયાત્રા ચલાવવામાં આવી હતી, તેમાં બહારગામના મહેમાનોની સંખ્યા ઘણી હતી. ભક્તિ સહિત, ભજનની ધૂન સહિત વનમાં જઈને ત્યાં ભવ્ય મંડપમાં શ્રી જિનેન્દ્રભગવાનનો શુદ્ધ જળથી અભિષેકપૂજન બાદ ખુબ ઠાઠમાઠથી, ભક્તિ સ્તવન–નૃત્ય–ગાન–હર્ષનાદ જયનાદપૂર્વક જિનમંદિરમાં આવી પહોંચ્યા.

મંદિરજીમાં આવીને ભક્તજનોએ ખુબ ઉત્સાહમાં આવી હાથમાં ચામર લઈ નૃત્યસહિત ભક્તિની ધૂન લગાવી. જિનેન્દ્ર ભક્તિનો અપૂર્વ મહિમા અને ધર્મ પ્રભાવનાનો ઉત્સાહ પ્રગટ કરી રહ્યા હતા. બપોરે પ્રવચનો અને જિનમંદિરમાં હંમેશ મુજબ ભક્તિનો કાર્યક્રમ હતો.

સાંજે એક કલાક સમૂહપ્રતિક્રમણ ભાઈઓ તથા બહેનોમાં અલગ અલગ તેમના સ્થાને થતું હતું.

રાત્રે હંમેશા મુજબ પુરૂષોની સભામાં પૂજ્ય ગુરુદેવ પાસે પ્રશ્નોત્તરરૂપે ચર્ચા હતી.

ભાદરવા સુદી ૧૦ સુગંધ દસમી–હર સાલ મુજબ ખાસ ઉત્સવરૂપે ઉજવાઈ છે. વ્રત કરનારાઓની સંખ્યા ઘણી હોય છે. જેમને દસ વર્ષ પૂર્ણ થયા હોય તેમના તરફથી વ્રત ઉદ્યાપન નિમિત્ત જિનમંદિરમાં ઊપકરણાદિ ભેટ વસ્તુઓ આવે છે.

ભાદરવા સુદી ૧૪ અનંત ચતુર્દશી (૧) અનંત ચતુર્દશીને બાર માસમાં વિશેષપણે ધર્મ પર્વ માનવામાં આવે છે, આજે ઉપવાસ કરનારાઓની સંખ્યા સારા પ્રમાણમાં હતી. ઉત્તરપ્રદેશથી ખાસ લાભ લેવા આવનારા ભાઈઓની સંખ્યા ઘણી હતી, તેમાં મુખ્ય દિલ્હી, ભોપાળ, ગુના, ઈંદોર, જયપુર, ઉદયપુર આદિ તથા શ્રી નેમિચંદજી પાટની (આગ્રા) મીઠાલાલજી, મહેન્દ્રકુમારજી શેઠી (જયપુર) તથા સાગરથી શ્રીમાન શેઠ શ્રી ભગવાનદાસજી તથા શ્રી શોભાલાલજી તથા શ્રી રતનલાલજી (કાનપુર), ટીંબરની, ગંજબાંસોંદાના ભાઈઓ ઉપરાંત તારણસ્વામી દિ૦ જૈનસમાજમાં પં. જયકુમાર તેઓ પણ પૂજ્ય ગુરુદેવનો લાભ લેવા માટે રોકાયા હતા. તેઓ સહૂ પર્યૂષણ દસલક્ષણી પર્વ માટે ખાસ આવેલા, સાગરના શેઠશ્રીએ એક માસ સત્ સમાગમનો લાભ લીધો હતો.

આ સાલના ભાદરવા માસમાં ઘણા પ્રકારની વિશેષતાઓ હતી.

# આત્મધર્મ

વર્ષ ૧૯ અંક ૧૨ )	તંત્રી જગજીવન બાઉચંદ દોશી	( આસો : ૨૪૮૮

## વી ત રા ગ ને પ ક્ષ ન થી.

સર્વજ્ઞ વીતરાગે જે રીતે વસ્તુનો દ્રવ્ય-ગુણ-પર્યાયથી સ્વતંત્ર સ્વભાવ કહ્યો છે તેને નિશ્ચય-વ્યવહારનયના વિભાગ દ્વારા યુક્તિ, આગમ, ગુરુગમ અને સ્વાનુભવ દ્વારા જાણે. જો એ રીતે જાણે નહી તો તે જીવ ગમે તેવો ડાહ્યો કહેવાતો હોય, શાસ્ત્રમાં પંડિત, વિદ્વાન, મનાતો હોય, છતાં તે વીતરાગના માર્ગમાં નથી. વીતરાગને પક્ષ નથી, વીતરાગને પેઢીનો વંશ રાખવો નથી. દરેકની સ્વતંત્રતા જાહેર કરે તે જ વિતરાગ છે. પુણ્યથી ધર્મ માને, બીજાથી કોઈનું ભલું બૂરું માને, બીજા મારું માન્ય રાખે તો મારું કલ્યાણ થાય, આશીર્વાદથી સુખી થવાય એમ માનનાર આત્માને પરાધીન, ઓશિયાળો અને સામર્થ્ય રહિત માને છે.

અજ્ઞાનના કારણે પોતાની અવસ્થામાં અલ્પજ્ઞતા અને રાગ જેટલો પોતાને માને છે. પરસંબંધવાળો, અનેક ભેદરૂપે, પરમાં કર્તા, ભોક્તા અને સ્વામીપણે પોતાને માને છે તેથી શુભાશુભ રાગનો કર્તા થઈ વિકારપણે હું છું, અને પુણ્ય, શુભરાગ કરવાથી ધર્મ થાય, એ રીતે પોતાને મિથ્યાપણે અન્યથાપણે માનતો હતો. પણ જ્યારે સર્વજ્ઞ વીતરાગનું સ્વરૂપ જાણે પછી પરમાં અને રાગાદિમાં કર્તા-ભોક્તા-સ્વામીત્વરૂપ મિથ્યાત્વનો પક્ષ છોડી શુદ્ધનયદ્વારા સ્વાશ્રિત પોતાના નિરાલંબી જ્ઞાનસ્વભાવનો સ્વીકાર કરવાથી જડ ચેતનનું સ્વતંત્ર જુદું જુદું જોવામાં આવ્યું ત્યાં ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ પરિપૂર્ણ જ્ઞાનાનંદપણે નિત્ય ટકનારો તે હું છું અને મિથ્યાત્વ કષાય શુભાશુભ ભાવ એ બધા વિરુદ્ધભાવ છે, મારું સ્વરૂપ નથી-એમ ભેદજ્ઞાનના બળ વડે, પોતાના અસલી ધ્રુવ સ્વરૂપની શ્રદ્ધાવડે, શ્રદ્ધામાંથી સર્વ વિભાવનો નાશ કર્યો. નિર્વિકલ્પ શ્રદ્ધાના વિષયમાં કોઈ ભેદ-વિકલ્પનો અનુભવ નથી. સ્વીકાર નથી.

જ્ઞાનીને એકરૂપ અવિકારી પૂર્ણ સ્વભાવની શ્રદ્ધાનું જોર છે. એકાગ્ર સ્થિર ન રહી શકે ત્યાં પુણ્યપાપની વૃત્તિમાં ( છોડવાની બુદ્ધિથી ) રોકાવું થાય છતાં તેમાં ધર્મ માનતો નથી.

### અરે આત્મા !! તારી અગાધગતિ હોવા છતાં

# ભેદજ્ઞાનથી સુખધામમાં નિવાસ કર

**મોક્ષમાર્ગ પ્રકાશક અ૦ ૭ ઉપર પૂજ્ય શ્રી ગુરુદેવનું પ્રવચન**
**( શ્રી પોપટલાલભાઈ મોહનલાલ વોરાના મકાનના વાસ્તુ પ્રસંગે આજનું સવારનું વ્યાખ્યાન તેમને ત્યાં થયું હતું )**

**વીર સંવત ૨૪૮૮ શ્રાવણ સુદ ૧૫, તા. ૧૫–૮–૬૨**

મોક્ષમાર્ગ કોને કહે છે. તે વાત બોલે છે. ધર્મ–અધર્મ, હિત–અહિત શું છે તે અનાદિથી અજ્ઞાનીએ જાણ્યું નથી. સર્વજ્ઞ વીતરાગે ત્રણકાળ–ત્રણલોકને એક સમયમાં જાણ્યા. તેમની વાણીમાં એમ આવ્યું કે હે આત્મા ! તારૂં સ્વરૂપ ચિદાનંદ છે, તે તારામાં જ છે, બહારથી આવતું નથી. સત્ નિત્ય–ચિત્–જ્ઞાન અને આનંદએ તારું અસલી સ્વરૂપ છે, તેને જાણ્યા વિના બહારમાં પુણ્યમાં તથા ધનાદિમાં તારી રુચિ થઈ છે પણ દયાદાનના ભાવ રાગ છે, તેનાથી તો બંધન છે, તેનાથી ધર્મ નથી. સત્ય સમજ્યા વિના જીવ અનાદિકાળથી દુઃખી થઈ રહ્યો છે. નોકર્મ એટલે શરીર, દ્રવ્યકર્મ એટલે જ્ઞાનાવરણાદિ જડકર્મ તથા શુભાશુભ રાગરૂપ ભાવકર્મ તેનાથી તું ભિન્ન છે, તેને ભૂલી પરને પોતાનું માનવું તે મિથ્યાત્વરૂપી પાપનો ભાવ છે. હિંસા, ભોગ, ધન, કમાવું તે પાપનો ભાવ છે, તેનાથી ચૈતન્ય ભિન્ન છે. ધર્મી–જ્ઞાનીને પણ દયા, દાન, પૂજા, ભક્તિ, જાત્રાના ભાવ થાય છે પણ તે પુણ્ય છે, આસ્રવ છે, વિકાર છે, પવિત્ર ધર્મ નથી. અજ્ઞાની મોક્ષને દેખાદેખીથી ઉત્કૃષ્ટ કહે છે કે અહો ! મોક્ષમાં સુખ છે, કેટલું કે સ્વર્ગના ઇન્દ્રોના સુખથી પણ અનંતગુણ સુખ છે–તો જ્ઞાની કહે છે કે તેને તત્ત્વની ખબર નથી કેમ કે સ્વર્ગનું કે શેઠાઈનું સુખ છે તે તો આકુળતા જ છે. પૂર્વે પુણ્યકર્મ બંધાયેલું તેના ઉદયકાળે મળી સામગ્રી, તેમાં સુખની કલ્પના કરી તે ઝેર છે, દુઃખ છે, તે મહાવિપરીતતા છે. જ્યાં સુખ નથી ત્યાં અજ્ઞાની સુખ માને છે, ને છે તેમાં માનતો નથી.

જેમ કાચા ચણામાં મીઠાસ શક્તિરૂપે ભરી છે, પ્રગટ નથી. વળી તે ચણાને વાવો તો ઊગે પણ તેને શેકી નાખો તો મીઠાસ પ્રગટ થાય અને વાવો તો ઊગે નહિ. પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે. તેમ આત્મામાં સુખ છે પણ અજ્ઞાની તેને જાણતો નથી. સ્વર્ગના દેવોને જે સુખ છે તેનાથી સિદ્ધમાં અનંતગણું સુખ અજ્ઞાની કહે છે. સ્વર્ગનાં માનેલાં સુખ તો આકુળતામય હોવાથી ઝેર છે. તેનાથી ૧૦૦ ટકા વિરુદ્ધ અતીન્દ્રિય આત્મિક સુખ છે. સંસારના રાગની જાતથી અંતર આનંદની જાત જ જુદી છે. આત્મા આનંદનો કંદ છે તેની પ્રતીતિ કરી અંદરમાં ઝૂકાવ કરે તો તેનો સ્વાદ આવે. પુણ્ય–પાપમાં જે લાભ માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે.

તોરી ગામમાં અગાધગતિ નામનું પુસ્તક લઈને ત્યાંના પટેલ આવ્યા, કહ્યું કે અમને આમાં સહજ પડતી નથી. એમાં લખેલ હતું કે કોઈ પણ પ્રાણી જપ, તપ, દયા, દાન, સ્મરણ, પૂજા, સેવા, કરે તો કરો પણ તેનાથી મોક્ષ નહિ મળે કેમકે તે બધી વૃત્તિ રાગની છે, તેનું ફળ અહીં મળશે, એટલે કે તેનાથી સંસાર ફળશે.

અરે ! આત્મા તારી તો અગાધગતિ છે. દયા, દાનાદિરૂપ પુણ્યભાવથી મોક્ષમાર્ગરૂપ ધર્મ માને–મનાવે તેઓ આત્મધર્મને લૂંટનારા છે. ધર્મી જીવને નીચલી દશામાં પુણ્ય–પાપના ભાવ આવે ખરા પણ તે રાગની ક્રિયાને ધર્મ ન માને. ધન કમાવાનો ભાવ પાપ છે, પૈસા મળે છે તે ડહાપણથી મળતા નથી, પણ પૂર્વનાં પુણ્યરૂપની લોન હતી તે બળીને વર્તમાન સામગ્રી દેખાય છે, તેમાં રાજી થઈને પાપ બાંધે છે.

અનંત કાળ વીત્યો, એક ક્ષણ પણ આત્મહિત જાણ્યું નથી. શરીરની ક્રિયા હું કરી શકું છું એમ માન્યું હોય છે, પણ મરતી વેળા બોલવાની ઈચ્છા હોવા છતાં બોલાય નહિ, કેમકે ઈચ્છાને આધીન વાણી નથી, સ્વતંત્ર ભાષાવર્ગણાથી વાણી ઊપજે છે. મેં કુંટુંબનું કર્યું, ધંધો કર્યો, નાત જાતનું કર્યું, મેં પાંચ લાખ ભેગા કર્યા, એમ માનનાર મિથ્યા અભિમાની છે. કહ્યું છે કે–

**"હુન્નર કરો હજાર, ભાગ્ય વિન મળે ન કૌડી"**

સમય આવ્યા પહેલાં ધન મળતું નથી તથા કિસ્મતથી અધિક મળતું નથી. સંયોગ એના કાળે આવે ને જાય. જીવને ખરેખર ધન મળ્યું નથી, પણ મમતાવાનને મમતા મળે છે. ભેદજ્ઞાનપૂર્વક સ્વસન્મુખ જ્ઞાતાપણાની ધીરજ રાખનારને સ્થાયી સમતા મળે છે. જ્ઞાની પુણ્ય–પાપ અને તેના ફળનો કર્તા–ભોકતા કે સ્વામી થતો જ નથી. અજ્ઞાની ને પૂર્વનાં પુણ્યથી વર્તમાન સોગઠી ગોઠવાઈ જાય, ત્યાં મોહથી માને કે મારા પુરુષાર્થથી મેં આ બધું મેળવ્યું છે પણ તે ભ્રમ છે. અજ્ઞાનીને સંયોગ ઉપર જ દૃષ્ટિ છે તેથી વિષય વિકારની જાતિ સાથે મોક્ષસુખની સરખામણી કરે છે અને કહે છે કે મોક્ષનું સુખ સ્વર્ગાદિના ઇન્દ્રોના સુખથી અનંતગણું છે, તેને અનુપમ મોક્ષસુખની ખબર નથી.

શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ વિક્રમ સંવત્ ૧૯૨૪ માં થયો હતો, ૧૯૩૧ ની સાલમાં ૭ વર્ષની વયે પૂર્વભવનું જાતિસ્મરણ જ્ઞાન થયું હતું, ૧૬ વર્ષની ઉંમરમાં મોક્ષમાળા નામે પુસ્તક બનાવ્યું, તેમાં ૧૦૮ પાઠ લખ્યા છે, તેમાં એક કાવ્ય છે કે–

**"બહુ પુણ્ય કેરા પુંજથી,**
**શુભદેહ માનવનો મળ્યો**
**તોયે અરે ! ભવચક્રનો,**
**આંટો નહીં એકે ટળ્યો;**
**સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે,**
**લેશ એ લક્ષે લહો,**
**ક્ષણક્ષણ ભયંકર ભાવ મરણે,**
**કાં અહો ! રાચી રહો"**

જે જીવ પુણ્ય–પાપને કરવા જેવા માને છે, શુભરાગથી આત્મકલ્યાણરૂપ ધર્મ માને છે તે નિર્વિકાર જ્ઞાતાસ્વભાવનો પૂરેપૂરો તિરસ્કાર કરે છે અને પોતે જ અજ્ઞાનવશે પોતાનો શત્રુ થાય છે.

**"જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત,**
**સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત."**

આત્મસિદ્ધિ દોહામાં પ્રથમથી જ પૂર્ણતાના લક્ષે સાધકભાવ ઉપાડયો છે. પોતે અસલી સ્વરૂપ સમજ્યો. સુખનો ઉપાય અંદરમાં છે એમ સમજ્યો ત્યારે જાણ્યું કે અહો ! આવું મારું પરમપદ સ્વાધીન છે, અને તેને ભૂલ્યો તેથી જ અનંતકાળ પરિભ્રમણ કર્યું છે, એક સેકન્ડ માત્ર પણ ધર્મ કર્યો નથી.

જેમ પર્વતમાં વિજળી પડે ને ટુકડા થાય તે રેણે ભેગા ન થાય–તેમ ભગવાન આત્મા પુણ્યપાપ અને સમસ્ત પ્રકારના રાગથી પાર, બેહદ જ્ઞાનસ્વભાવથી પરિપૂર્ણ છે એ નિર્વિકલ્પ પ્રતીતિ થતાં સંસારમાં લાંબો કાળ પરિભ્રમણ કરવું પડે નહિ.

**'યમ નિયમ સંયમ આપ કિયો,**
**પુનિ ત્યાગ વિરાગ અથાગ લિયો,**
**જપ ભેદ જપે તપ ત્યોંહી તપૈ,**
**ઉરસેંહી ઉદાસી લહી સબપૈ;**
**વહ સાધન વાર અનંત કિયો,**
**તદપિ કછુ હાથ હજુ ન પર્યો;**
**અબ કયોં ન બિચારત હૈં મનસેં,**
**કછુ ઔર રહા ઉન સાધનસેં."**

અરે આત્મા! તું કોણ છો, કેવા સ્વરૂપે છો, તારા અધિકારમાં શું છે, શું થઈ રહ્યું છે ને શું માની રહ્યો છે! તેં એક પણ વાતનો સત્ય નિર્ધાર કર્યો જ નથી. અજ્ઞાની ગુરુઓએ બાહ્યમાં તથા વ્રતાદિ પુણ્યબંધનની ક્રિયામાં ધર્મ મનાવ્યો છે. જગત્‌ને જન્મમરણરહિત નિત્યજ્ઞાનઘન આત્મા શું છે તેની ખબર નથી–તેથી તેનું સત્ય ચારિત્ર શું છે તેની ખબર પડે ક્યાંથી? ક્ષણિક વિભાવ અને ત્રિકાળી એકરૂપ ચૈતન્ય સ્વભાવ વચ્ચે ભેદ વિજ્ઞાન કરી અંતરમાં ઢળીને અતીન્દ્રિય આનંદામૃતમાં લીનતા કરવી તે આત્માનું ચારિત્ર છે. વચ્ચે નીચલી દશામાં શુભરાગ આવે તે આસ્રવ તત્ત્વ છે, તે આત્માનું સંવર–નિર્જરારૂપ ચારિત્ર નથી. આ વાત ન સમજ્યો તેથી દુઃખના ઉપાયને જ સુખનો ઉપાય માની દુઃખના કારણોમાં જ પ્રવર્તે છે, તેથી અનાદિ કાળથી અત્યાર સુધી દરેક સમયે અનંત દુઃખને પામ્યો છે. દુઃખને દુઃખ તરીકે ક્યારે માની શકે કે ભેદજ્ઞાનપૂર્વક અંદરમાં એકલો જ્ઞાનાનંદ છું તેમાં નિર્વિકલ્પ શાન્તિરસનો અનુભવ કરે ત્યારે. આવો અનુભવ ગૃહસ્થદશામાં પણ થઈ શકે છે. ઢોર, દેવ અને નરકદશામાં પણ થઈ શકે છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ "જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત" એમ કહ્યું છે પણ અમુક ન કર્યું, દયા દાનાદિ પુણ્ય ન કર્યાં, માટે દુઃખ પામ્યો એમ કહ્યું નથી. આત્મા અનાદિથી છે, છે તે કદી ન હોય એમ બને નહીં, જે નથી તે કદી નવું થતું નથી, છે તે જ ટકીને પોતાની અવસ્થાથી પોતામાં જ પોતાની શક્તિથી બદલે છે.

પૈસા, શરીર હાથપગ જડ છે. જડ–ચેતન અનાદિથી જુદા છે. જીવ પોતાના અસલી સ્વરૂપને ભૂલી, પરને પોતાનું માની ચાર ગતિમાં ભ્રમણ કરે છે, તે પુણ્યપાપનું ફળ છે.

**"વીત્યો કાળ અનંત તે કર્મ શુભાશુભ ભાવ,**
**તેહ શુભાશુભ છેદતાં ઉપજે મોક્ષ સ્વભાવ."**

શુભાશુભભાવનું સ્વામીત્વ તે મિથ્યાત્વ છે, મિથ્યાત્વ તે સંસાર છે. અજ્ઞાની પુણ્યથી સુખ માને છે તેથી સિદ્ધભગવાનના સુખની જાતિ સંસારી જીવના વિષય સંબંધી સુખ જેવી માને છે પણ સંસાર–સુખ તો ઝેર છે.

ઈચ્છા–આકુળતાનો અભાવ અને અતીન્દ્રિયજ્ઞાનમાં લીન રહેવું તે સુખ છે. શુભ રાગ અને તેના ફળમાં જરાય સુખ નથી, મોટરવાળાને સુખી ન માનશો. વિચાર કરો તે મોટરમાં બેઠો છે કે મોટર તેની છાતિ ઉપર બેઠી છે? તેના માનેલા વૈભવને નિભાવવાની, આબરૂની તુષ્ણાથી તે નિરન્તર દુઃખી છે. પુણ્ય પાપ બેઉને મલિન અને દુઃખરૂપ કહ્યાં છે.

જેમ ભૂંડને વિષ્ટાનો ખોરાક રુચે છે ને હોંશે તે ખાય છે–મનુષ્યો અનાજ ખાઈ, પચાવી વિષ્ટાને કાઢી નાખે છે તેને ભૂંડ ખાય છે, તેમ જ્ઞાનીઓએ વીતરાગતા પચાવીને, પુણ્યપાપને વિષ્ટાની જેમ છોડી દીધા છે. વિકારીભાવને જેઓ ભલા માને છે તેને ભૂંડની ઉપમા છે. અનંતવાર અબજપતિ થયો, અનંતવાર જૈન મતમાં દ્રવ્યલિંગધારી સાધુ થયો, પણ અંતરમાં રાગાદિ વિકલ્પથી પાર મોક્ષસ્વભાવી આત્મા શું અને મોક્ષનો ઉપાય શું, મલિનભાવરૂપ આસ્રવ શું તે જાણ્યું નહીં. નવતત્ત્વનાં નામ જાણે, પણ તેના સ્વરૂપનો નિર્ણય કરી, તેના પ્રયોજનને ન જાણે ત્યાં સુધી આત્મહિત ન થાય.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી પરિપૂર્ણ છે. સંયોગ અને વિકારની દ્રષ્ટિ છોડ. પરાશ્રયની શ્રદ્ધા છોડી, સ્વાશ્રયની દ્રષ્ટિથી તારા પરમ સ્વભાવને દેખ. એકરૂપ પૂર્ણાનંદ જ્ઞાયક તે હું છું એમ અનુભવ, અને પુણ્યપાપ બેઉ દુઃખ છે, બંધન છે–એમ નિર્ણય કર. વીતરાગી દ્રષ્ટિ થતાં જ શુભાશુભ બેઉનો પ્રથમ શ્રદ્ધામાંથી એકદમ ત્યાગ થઈ જાય છે. શુભ રાગને હિતકર માનનાર મિથ્યાદ્રષ્ટિ છે. મિથ્યા અભિપ્રાય રહિત નિર્મળ જ્ઞાનાનંદની શ્રદ્ધા પૂર્વે કદી કરી નથી. તેથી રાગ અને તેના ફળમાં જ તેને ઉત્સાહ વર્તે છે.

જેમ સન્નિપાતનો રોગી, વાત, પિત્ત અને કફનો પ્રકોપ થવાથી ખડખડ હસે છે. છતાં તે સુખી નથી, બીજાઓ તેને દુઃખી જ માને છે, બેભાનમાં તે હસે છે પણ થોડીવારમાં તે મરી જશે; તેમ પુણ્ય અને તેના ફળમાં જેઓ હર્ષ માને છે તેઓ બેભાન બનેલા મિથ્યાદર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ત્રિદોષનાં પ્રકોપવડે અસાધ્ય રોગી જેવા છે.

પુણ્યમાં સુખ અને સુખનું સાધન માનનારને જ્ઞાની કહે છે કે તે અપવિત્ર આસ્રવતત્ત્વ છે, તેનાથી સંવર, નિર્જરા કે મોક્ષરૂપ પવિત્ર ભાવની જાતજ જુદી છે, તેની તને ખબર નથી, તેથી તું સ્વર્ગના દેવોના સુખ કરતાં મોક્ષસુખ અનંતગણું કહે છે. સંસારના સર્વ વિભાવથી, પૂર્ણ નિર્વિકાર મોક્ષતત્ત્વની જાત જુદી જ છે.

ભગવાન આત્મામાં પરિપૂર્ણ જ્ઞાનાનંદ શક્તિ ભરી છે, દેહથી ભિન્ન દરેક આત્મા પોતાના પૂર્ણ જ્ઞાનાનંદ સહિત છે. તેમાં એકપણાની દ્રષ્ટિ અને એકાગ્રતાના બળથી શુદ્ધતા પ્રગટ થાય છે. તે શુદ્ધ અંશથી બંધન થતું નથી. બંધન તો શુભાશુભ રાગદ્વેષ અને મોહથી થાય છે.

અજ્ઞાની સ્વર્ગના વિષય સંબંધી સુખાભાસની અને આત્મિક નિરાકુળ મોક્ષસુખની એક જાતિ માને છે પણ તે એક નથી. પણ જેમ તીર્થંકર ભગવાનના અતિશય સુંદર શરીરની પ્રભાને સૂર્યની ઉપમા દેવાય છે તેમ લોકમાં ઇન્દ્રાદિ દેવોનાં સુખનો મહિમા છે તેનાથી જુદી જાતનું અને તેનાથી અનંતગણું સુખ મોક્ષદશામાં છે–એમ ઉપમા આપી તેની અજ્ઞાનીને ખબર નથી. સ્વર્ગના કલેશવાળા સુખનું કારણ શુભરાગ છે અને મોક્ષસુખનું કારણ તો વીતરાગ ભાવ છે.

અહીં પ્રશ્ન–તમે એમ કેમ કહો છો કે અજ્ઞાનીની શ્રદ્ધામાં સ્વર્ગસુખની જાતિ અને મોક્ષસુખની જાતિ એક છે?

ઉત્તરઃ– હા, તેઓ વ્રત, દયા, દાન, પૂજા, ભક્તિ આદિના શુભ ભાવ છે તેનું ફળ સ્વર્ગસુખ માને છે અને તે જ ભાવનું ફળ મોક્ષસુખ માને છે. જેને થોડું પુણ્ય સાધન હોય તેને સ્વર્ગ મળે અને ઘણું સાધન હોય તેને મોક્ષ મળે એમ તે ભ્રમથી માને છે પણ શ્રદ્ધામાં ક્યાં ભૂલ છે તેની તેને ખબર નથી.

“દ્રવ્ય ક્રિયા રુચિ જીવડા, ભાવ ધર્મ રુચિ હીન,

ઉપદેશક પણ તેહવા, શું કરે જીવ નવીન!”

પુણ્યમાં આત્મહિતરૂપ ધર્મ માને તો અનંતાનુબંધી અને દર્શનમોહનું મહાન પાપ થાય છે. પુણ્યની ક્રિયા તથા દેહની ક્રિયાથી આત્માનો ધર્મ માને તેને અતીન્દ્રિય અરાગી જ્ઞાનાનંદનો અનુભવ શું તેની જરા પણ ખબર નથી. શુભરાગરૂપ વ્યવહારથી હળવે હળવે ધર્મ થશે, પરંપરાએ મોક્ષ થશે એમ અજ્ઞાની માને છે અને તેવું જ મનાવનારા પણ તેને મળી ગયા, એટલે પુણ્યથી અને જડની ક્રિયાથી ધર્મ માનવાની તેની શ્રદ્ધા દ્રઢ થઈ ગઈ. પુણ્ય કરતાં કરતાં ધર્મ પણ થાય અને સ્વર્ગનાં સુખ પણ મળે એમ અજ્ઞાની માને છે પણ હિત–અહિતનાં કારણ અને તેનાં ફળની જાત તદ્દન જુદી છે એવો નિર્ધાર કરતાં નથી.

જેમ હજારો મણ અનાજ પાકે ત્યાં વચ્ચે રાડા ન હોય એમ ન બને. હા, રાડા થાય પણ દાણા ન થાય એમ બને, પરંતુ દાણા પાકે ત્યાં રાડા તો હોય જ. સારો ખેડુત રાડા ખાતર બીજ વાવે નહીં તેમ ધર્મી જીવ તો પોતાનું સ્વરૂપ પુણ્યપાપ રાગથી ભિન્ન જાણી, વીતરાગી દ્દષ્ટિ અને ચારિત્ર પ્રગટ કરે છે, તેમાં મોક્ષનાં કણસલાં પાકે છે. પણ જેની દ્દષ્ટિ પુણ્ય ઉપર છે તેને સંસાર જ ફળે છે.

પરલક્ષે રાગ મંદ થઈ શકે પણ રાગ ટળે નહિ. રાગમંદ કરે તો પુણ્ય થાય, ધર્મ ન થાય. પૈસાથી પુણ્ય ન થાય. લોભ મંદ કરે તેટલું પુણ્ય થાય. જો પૈસા આપવાથી ધર્મ થાય તો નિર્ધનને રડવું પડે, પણ એમ નથી. શરીરથી તો આત્માનો ધર્મ થતો નથી, પરંતુ શુભરાગથી પણ ધર્મ નથી. આત્મા અનંત ગુણોનો પિંડ છે તેમ ભેદજ્ઞાન સહિત નિર્વિકલ્પ શ્રદ્ધા–જ્ઞાન અને એકાગ્રતા કરે તે ધર્મ છે. રાગ બાકી રહ્યો તે ધર્મ નથી પણ અધર્મ છે. શુભરાગ પણ ચારિત્રનો દોષ છે, તે આત્માનું નિવાસસ્થાન નથી. વાસ્તુ શેમાં કરવું? કે ભગવાન આત્મા ચિદાનંદ અનંતગુણનું ધામ છે તેમાં વસવું, અતીન્દ્રિય જ્ઞાન આનંદથી પૂર્ણ સ્વરૂપની પ્રતીતિ કરી તેમાં વસવું તે

ખરું વાસ્તુ છે. સંસાર અને તેનું કારણ આસ્રવ તથા બંધભાવ છે; મોક્ષ તથા તેનું કારણ વીતરાગી અબંધ ભાવ છે. આમ કારણ કાર્યમાં ફેર હોવા છતાં જે તેમ માનતો નથી તે જીવ મોક્ષ અને સ્વર્ગના સાધનની એક જાતિ માને છે.

શુભાશુભભાવ તો ઔપાધિકભાવ છે-વ્યવહાર રત્નત્રય શુભરાગ છે તેનો ત્રિકાળી ચૈતન્યસ્વભાવમાં તો અત્યંત અભાવ છે જ પણ સ્વભાવના આશ્રયે નિશ્ચય રત્નત્રયરૂપ વીતરાગભાવ પ્રગટ થાય છે તેમાં પણ તે શુભ વ્યવહારનો અત્યંત અભાવ છે. ગુણસ્થાનની ભૂમિકા અનુસાર જે જાતનો શુભરાગ હોય છે તેને જ વ્યવહાર સાધન ઉપચારથી કહેવાય છે; પણ તે રાગ છે માટે વીતરાગતા છે એમ નથી. માટે પ્રથમ શ્રદ્ધામાં સર્વ રાગનો નિષેધ કરી, સ્વસન્મુખતારૂપ અંતર એકાગ્રતાના બળથી શુભાશુભરાગથી દૂર કરી નિર્વિકલ્પ પરમાનંદમય પૂર્ણ શુદ્ધતા પ્રગટ કરવી તે મોક્ષ છે. મોક્ષમાર્ગ તે અપૂર્ણ શુદ્ધતા છે અને મોક્ષ તે પૂર્ણ શુદ્ધતા છે.

"મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં સકલ માર્ગ નિર્ગ્રંથ,"

## બંધનું કારણ.

रत्नत्रयमिह हेतुर्निर्वाणस्यैव भवति नान्यस्य।
आस्रवति यत्तु पुण्यं शुभोपयोगोऽयमपराधः।।

અર્થઃ– આ લોકમાં નિશ્ચય રત્નત્રય મોક્ષનું કારણ છે અને બીજી ગતિનું કારણ નથી. પણ જે રત્નત્રયના સદ્ભાવમાં પુણ્યનો આસ્રવ થાય છે તે સર્વ શુભ કષાય–શુભયોગથી જ થાય છે અર્થાત્ શુભોપયોગનો જ અપરાધ છે, પણ રત્નત્રયનો નથી.

ભાવાર્થઃ– ગુણસ્થાનો અનુસાર મુનિજનોને જ્યાં રત્નત્રયની આરાધના છે ત્યાં દેવ–શાસ્ત્ર–ગુરુ સેવા, ભક્તિ, દાન, શીલ, ઉપવાસાદિરૂપ શુભોપયોગનું પણ આચરણ છે. તે શુભોપયોગનું આચરણ જ દેવાયું આદિ પુણ્ય પ્રકૃતિ બંધનું કારણ છે અર્થાત્ આ પુણ્ય પ્રકૃતિ બંધમાં શુભોપયોગનો અપરાધ છે, રત્નત્રયનો નહિ.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય કૃત પુરૂષાર્થ સિદ્ધિ ઉપાયની સ્વ. પંડિત ટોડરમલ્લજી કૃત ટીકા)

## મોક્ષનું કારણ

મોક્ષનું કારણ વીતરાગતા, વીતરાગતાનું કારણ અરાગી ચારિત્ર, અરાગી ચારિત્રનું કારણ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્જ્ઞાનનું કારણ સમ્યગ્દર્શન છે. પૂર્ણ અધિકારી અખંડ સ્વભાવના જોરે શ્રદ્ધા જ્ઞાન ચારિત્રની નિર્મળ પર્યાય પ્રગટે છે. અધૂરી નિર્મળ અવસ્થા અને સમ્યગ્દર્શન તે પર્યાય છે. ભેદના લક્ષે વિકલ્પ–રાગ થાય છે. નિર્મળતા થતી નથી. અવસ્થાદ્રષ્ટિ ગૌણ કરી નિશ્ચય અખંડ સ્વભાવનું લક્ષ કરવું. ધ્રુવ સ્વભાવનું જોર કરતાં કરતાં વિકારનો વ્યય અને અવિકારી પૂર્ણ નિર્મળતાનો ઉત્પાદ થાય છે, એટલે નિમિત્ત–નૈમિત્તિક ભાવનો સંબંધ સર્વથા છૂટી જાય છે અને વસ્તુનો અનંતગુણરૂપ નિજ સ્વભાવ વસ્તુપણે એકાકાર રહે છે, માટે શુદ્ધ નયથી જીવને જાણવાથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકે છે. (સ. સારપ્રવચન)

પ્રભુ! તારી સ્વતંત્ર પ્રભુતા તેં કદી સાંભળી નથી. વર્તમાન એકેક અવસ્થા પાછળ બેહદ તાકાતરૂપ પૂર્ણ પવિત્ર ગુણની શક્તિ અખંડ સ્વભાવપણે ભરી છે તે સત્‌ની વાત અપૂર્વ ભાવે અંદરથી ઉછળીને તેં સાભળી નથી; તારૂં મહાત્મ્ય તને આવ્યું નથી. જેણે પૂર્ણ અવિકારી સ્વભાવનો જ આદર કર્યો તેને સ્વપ્નમાં પણ સંસારની કોઈ વાત રૂચે નહીં.

(સમયસાર પુ. ભાવ–૧માંથી)

## ભૂતાર્થને આશ્રિત ધર્મ છે તો પણ અજ્ઞાનવશે જીવ

# અભૂતાર્થમાં ધર્મ કેમ માને છે ?

### પંચાસ્તિકાય ગા. ૧૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવનાં પ્રવચન, રાજકોટ તા. ૭-૫-૬૨

(જિનેશ્વર વીતરાગ ભગવાનના ઉપદેશમાં બે નયો (બે દૃષ્ટિકોણ) દ્વારા નિરૂપણ હોય છે, ત્યાં નિશ્ચયનયદ્વારા તો સત્યાર્થ નિરૂપણ કરવામાં આવે છે અને વ્યવહારનયદ્વારા અભૂતાર્થ–અસત્યાર્થ નિરૂપણ કરવામાં આવે છે. અભૂતાર્થનું વર્ણન શા માટે કર્યું છે? તે દ્વારા નિમિત્ત, ભેદ અને ગુણસ્થાન અનુસાર તેનો વિષય કેવા પ્રકારનો હોય છે તે બતાવવા માટે વ્યવહારનયદ્વારા તેનું વર્ણન કર્યું છે.)

નિશ્ચય વીતરાગભાવરૂપ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે, તે શુદ્ધાત્માને આશ્રિત હોવાથી નિશ્ચય–ભૂતાર્થ મોક્ષમાર્ગ છે, મોક્ષનું અભિન્ન સાધન છે. ખરું સાધન છે. જ્યાં નિશ્ચય અભેદ સાધન છે પણ પૂર્ણ વીતરાગતા પ્રગટ કરી નથી ત્યાં ગુણસ્થાન અનુસાર કેવો શુભ રાગ નિમિત્તપણે–સહચરપણે હોય છે તે બતાવવા માટે તે શુભરાગને વ્યવહાર રત્નત્રયરૂપે અથવા ભિન્ન સાધનરૂપે વ્યવહારનયદ્વારા નિરૂપણ કરવામાં આવે છે. બન્નેને જેમ છે તેમ જાણવું તે પ્રમાણ જ્ઞાન છે.

અહીં તો જેને પ્રમાણજ્ઞાન નથી, એકાન્ત પરાશ્રયરૂપ વ્યવહારાભાસને અવલંબનારા છે એવા અજ્ઞાની જીવો અભૂતાર્થ ધર્મને સાધે છે તેની પ્રવૃત્તિ અને તેનું ફળ કહેવામાં આવે છે.

આત્મા શાન્ત સચ્ચિદાનંદમય જ્ઞાયક છે. પરનો કર્તા, ભોક્તા, કે સ્વામી નથી, રાગાદિનો ઉત્પાદક નથી. એવું તેનું શુદ્ધ સ્વરૂપ અનાદિ અનંત જ્ઞાયક છે, તેની સન્મુખ થઈને તેની શ્રદ્ધા રુચિ અને તેનો આશ્રય ન કરતાં બહારમાં ભલું બૂરૂં માની સાચા દેવ, શાસ્ત્ર, ગુરુને માને છે, નવતત્ત્વો, છ દ્રવ્ય અને શુભમાં પ્રવૃત્તિમય સંયમની પ્રતીતિ કરે છે તે શુભરાગ છે, તે રાગવડે પોતાને ધર્મી માને છે. છ દ્રવ્ય, નવ તત્ત્વ તથા સાચા દેવાદિને માનવા, અન્યને ન માનવા અને વ્યવહાર રત્નત્રયના રાગની પ્રવૃત્તિમાં ધર્મનું આચરણ માની અટકવું તે વ્યવહારાભાસ છે. જેઓ શાસ્ત્ર ભણે, સાંભળે તો પણ તે તરફના ઝૂકાવરૂપ શુભરાગમાં ધર્મ માને છે તેઓ વ્યવહારને જ નિશ્ચય માનનારા મિથ્યાદૃષ્ટિ છે.

જે સર્વજ્ઞ વીતરાગે કહ્યું છે તેમ નથી માનતા પણ તેનાથી વિરૂદ્ધને ભ્રમથી હિતકર જાણીને સેવે છે અને જ્યાં સુધી અભૂતાર્થને (વ્યવહારનો) સત્યાર્થ માની બેઠા છે ત્યાં સુધી તે સર્વજ્ઞ વીતરાગ કથિત્ સત્યાર્થ ધર્મને સમજવાને લાયક નથી.

પ્રશ્નઃ– અભૂતાર્થ દર્શિતનય દ્વારા કહેવામાં આવતો વ્યવહાર ધર્મ ખરેખર ધર્મ નથી તો પછી એક ભૂતાર્થદર્શી નિશ્ચયનય દ્વારા ભૂતાર્થ ( સત્યાર્થ ) નિરૂપણ કરવું જોઈએ. અભૂતાર્થ ( ઉપચાર–વ્યવહાર ) નિરૂપણ શા માટે કરવામાં આવે છે ?

ઉત્તરઃ– જેને સિંહનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન હોય તેને સિંહના સ્વરૂપના ઉપચરિત નિરૂપણ દ્વારા અર્થાત્ બિલાડીના સ્વરૂપના નિરૂપણ દ્વારા સિંહના યથાર્થ સ્વરૂપના ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે; તેમ જેને વસ્તુનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન હોય તેને વસ્તુસ્વરૂપના ઉપચાર કથન વડે વસ્તુસ્વરૂપના યથાર્થ ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે. વળી લાંબા કથનને બદલે સંક્ષેપથી કહેવા માટે પણ વ્યવહારનય દ્વારા ઉપચરિત અભૂતાર્થ કથન કરવામાં આવે છે. અહીં એટલું લક્ષમાં રાખવું કે–જે પુરુષ બિલાડીના નિરૂપણને સિંહનું નિરૂપણ માની બિલાડીને જ સિંહ સમજી બેસે તે તો ઉપદેશને જ લાયક નથી, તેમ જે પુરુષ ઉપચરિતને જ ( વ્યવહાર ધર્મને જ ) સત્યાર્થ નિરૂપણ માની વસ્તુસ્વરૂપને–મોક્ષમાર્ગને–ખોટી રીતે સમજી બેસે છે તે તો ઉપદેશને જ યોગ્ય નથી.

અગાઉ તેના વ્યવહારાભાસરૂપ શ્રદ્ધા–જ્ઞાનનું વર્ણન થઈ ગયું છે. હવે તે ચારિત્ર માટે ક્યાં ભૂલ્યા છે તે કહે છે. નિશ્ચય વીતરાગભાવ તે જ આત્માનું યથાર્થ ચારિત્ર છે પણ તેનું નિરૂપણ બે પ્રકારે છે. સાધક દશામાં બે નય હોય છે. અંશે વીતરાગતા તે સ્વાશ્રયરૂપ નિશ્ચય ચારિત્ર છે અને સાથે શુભરાગ છે તે ચારિત્ર તો નથી પણ જેને સ્વાશ્રિત વીતરાગભાવ છે તેને તેનું નિમિત્તપણું છે એમ બતાવવા વ્યવહારથી શુભને પણ ચારિત્ર કહેવું તે ઉપચાર નિરૂપણ છે. શુભ અથવા અશુભ રાગનું ચારિત્ર તે આત્માનું ચારિત્ર નથી, મોક્ષમાર્ગનું ચારિત્ર નથી પણ સંસાર માર્ગનું ચારિત્ર છે.

હિંસાના ત્યાગ માટે તે બાહ્યમાં હિંસા અહિંસા માને છે. સ્વરૂપમાં અસાવધાની, પ્રમાદ પરિણતિ તે હિંસા છે, મિથ્યાત્વ છે તે જ મૂળ હિંસા છે તેની તેને ખબર નથી.

એકેન્દ્રિય આદિ પ્રાણીની હિંસા ન કરવી, દયા પાળવી, જૂઠ ન બોલવું, પાંચ પાપથી નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિ એમાં સર્વવિરતિરૂપ ભાવ તે રાગનો ભાવ છે. તેને વ્યવહાર અહિંસા ક્યારે કહેવાય કે નિશ્ચય વીતરાગભાવરૂપ ચારિત્રદશા હોય તો. વ્યવહાર અહિંસા તે પુણ્ય પરિણામ છે, શુભરાગ છે, ધર્મ નથી. મોહ–ક્ષોભ રહિત આત્મપરિણામ તે ધર્મ છે. શુભરાગમાં ધર્મ નથી, તે આત્મપરિણામરૂપ ચારિત્ર નથી છતાં તેમાં ચારિત્ર ધર્મ માની પોતાની મિથ્યાદ્રષ્ટિવડે તે જીવ શુભરાગની પ્રવૃત્તિમાં તન્મય રહે છે.

બાહ્ય હિંસાનો ત્યાગ અને અહિંસારૂપ શુભરાગનું ગ્રહણ તે રાગ છે, આસ્રવ છે, આસ્રવ તે બંધનનું કારણ છે, મોક્ષનું કારણ નથી. ( એ શુભરાગ જ્ઞાનીને પણ હોય છે પણ તેને તે ખરેખર ધર્મ માનતો નથી. ) જૂઠું ન બોલવું, સાચું બોલવું, અચૌર્ય પાળવું, અબ્રહ્મ ન સેવવું, બ્રહ્મચર્ય મન, વચન, કાયાએ પાળવું, ધન, ધાન્ય, વસ્ત્રાદિ પરિગ્રહનો ત્યાગ એ બધી શુભરાગની વૃત્તિ છે, તેનાથી પુણ્ય છે, ચારિત્ર નથી કેમકે રાગભાવ તે નિર્વિકાર ચૈતન્યની જાગૃતિનો સો ટકા વિરોધી ભાવ છે, ઝેર છે. જ્ઞાની છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિના મહાવ્રતાદિના શુભ ભાવ પણ નિશ્ચયથી વિષકુંભ જ છે. જેમ છે એમ જાણવું તે સમ્યગ્જ્ઞાન છે કેમકે જે ભાવે નવું બંધન થાય તે ભાવે વીતરાગી શ્રદ્ધા અથવા ચારિત્ર ધર્મ થઈ શકે નહીં છતાં કોઈ ભ્રમથી અભૂતાર્થ ધર્મને સાધતો થકો પોતાને ભૂતાર્થ ધર્મ માને, મોક્ષમાર્ગ માને છે. તે માન્યતા મિથ્યાત્વરૂપી મહાપાપ છે. હિંસાદિ પાંચ પાપ તથા સાત વ્યસનના મહાપાપની તુલનામાં મિથ્યાત્વનું પાપ અનંતગણું છે એમ શાસ્ત્રમાં કહ્યું છે.

અહીં શુભ ભાવ છોડી પાપમાં જવાનું કહેલ નથી પણ પુણ્ય–પાપની મર્યાદા બતાવી છે તેને ખરેખર

ધર્મ માની બેસે તો મિથ્યાત્વ છે એમ ઊંધી માન્યતાનો નિષેધ કરી, નય વિભાગથી કથન પદ્ધત્તિ જાણી, નિશ્ચયને નિશ્ચય અને વ્યવહારને વ્યવહારના સ્થાનમાં જાણે તો પ્રમાણજ્ઞાન છે, અને શુદ્ધ નિશ્ચયનયનો વિષય ભૂતાર્થ જાણી તેનો આશ્રય કરે અને પરાશ્રયરૂપ વ્યવહાર ખરેખર ધર્મ માટે આદરણીય નથી એમ જાણે તો હિતમાં પ્રવૃત્તિમાં થઈ શકે.

નય વિભાગદ્વારા શાસ્ત્રના અર્થ સમજે નહીં તેને ચારે અનુયોગ શાસ્ત્રના કથનમાં વિરોધ ભાસે છે. જ્ઞાનીને ચારે અનુયોગ શાસ્ત્રમાં વીતરાગતા જ ઉપાદેય ભાસે છે. તેથી સ્વતંત્રતા, યથાર્થતા, અને વીતરાગતારૂપ તાત્પર્યને ગ્રહણ કરે છે.

આત્મા જ્ઞાનાનંદ પવિત્ર છે. તેમાં મિથ્યાત્વ રાગાદિના આશ્રયરહિત શ્રદ્ધા જ્ઞાન અને એકાગ્રતા વડે જ આનંદની જમવટ થાય છે. આત્મામાં અતીન્દ્રિય શાંત રસની જમવટ કરવી તેને ભગવાને ચારિત્ર કહેલ છે, પણ અજ્ઞાની બહારમાં અશુભ રાગનો ત્યાગ, શુભનું ગ્રહણ તેમા ચારિત્ર અને સંયમ માને છે.

અજ્ઞાન દશામાં સાચા વ્રત તપ હોતાં જ નથી તેથી તેને બાળવ્રત અને બાળતપ કહે છે. તેનાં વ્રતાદિને વ્યવહાર વ્રત વ્યવહારતપ નામ અપાતું નથી, પણ મિથ્યાશ્રદ્ધાના કારણે તે વ્યવહારાભાસ જ છે.

તત્ત્વાર્થસૂત્રમાં જ્ઞાનીની ભૂમિકામાં મહાવ્રતાદિને આસ્રવમાં (અર્થાત્ બંધના કારણમાં) કહેલ છે. પરિગ્રહ રાખવાનો ભાવ પાપભાવ છે અને છોડવાનો ભાવ તે પુણ્ય છે. અજ્ઞાની જીવ વ્રતાદિના શુભ રાગથી ધર્મ માને છે, મિથ્યાત્વ અને રાગ એટલે આસ્રવતત્ત્વને હિતકારી માને છે તેથી પંચ મહાવ્રતના રાગની લાગણીને આત્માનું ચારિત્ર માની તેમાં તન્મય થાય છે. પણ ભગવાન આત્મા અત્યારે પણ રાગાદિ વિકારથી પાર છે, અતીન્દ્રિય જ્ઞાનવડે અનુભવમાં આવે તેમ છે, તે વડે ધર્મ અને શાંતિ છે એમ માનતો નથી. તેથી અંદર આત્માને ઓળખી તેમાં તન્મય થતો નથી. આત્માના આશ્રયે ચારિત્ર છે એટલે પરાશ્રયની દૃષ્ટિ અને રાગ તરફનું વલણ છોડવા માટે સ્વસન્મુખની દૃષ્ટિ અને ચારિત્ર જોઈએ, અતીન્દ્રિય આનંદરૂપ ચારિત્રમાં તન્મય થવું જોઈએ તે વાત અજ્ઞાનીને બેઠી નથી તેથી આત્માના ચારિત્રમાં જરાય તન્મય થતો નથી. ધર્મના નામે રાગને ધર્મ માની લે છે, રાગ કરવા યોગ્ય માને છે માટે તે મિથ્યા દૃષ્ટિ જ રહે છે.

મહાવ્રત, દયા, દાન, ભક્તિના ભાવ પાપ નથી, મિથ્યાત્વ નથી પણ તે શુભ રાગ છે. આસ્રવ તત્ત્વ છે, બંધનું કારણ છે. તેને બંધનું કારણ ન માનતાં, ધર્મનું કારણ અથવા આત્માનું ચારિત્ર તે માને છે તેથી તેને નવે તત્ત્વોની ભૂલ છે. જે ભાવે સંસાર ફળે તે ભાવે મોક્ષ અથવા મોક્ષનો ઉપાય કેમ થાય ?

"વિત્યો કાળ અનંત તે કર્મ શુભાશુભ ભાવ" તે શુભાશુભને છેદે એવી દશા આત્મામાં ઉત્પન્ન કરવી તેનું નામ મોક્ષનો ઉપાય છે, જે અપૂર્વ છે.

પ્રભુ ! તારી પ્રભુતાને તેં જ મિથ્યા માન્યતાની આડમાં ઢાંકી રાખી છે. અનંતવાર ધર્મ માટે વ્રત તપ કર્યાં ક્ષમા–શાન્તિ એવી રાખી કે ચામડી ઉતરડીને ખાર છાંટવા છતાં ક્રોધ ન કર્યો, ક્રોધ, માન, માયા, અને લોભમાં પ્રબળ કારણો મળવાં છતાં ન ડગ્યો એવા શુભ ભાવ રાખ્યા, તીવ્ર ક્રોધાદિ ન કર્યાં, છતાં તે પર લક્ષે સહન કરવાની લાગણી શુભ રાગ છે ધર્મ નથી, જે ભૂતાર્થ એટલે સત્યાર્થ ધર્મ નથી તેને ખરેખર ધર્મ માની બેસે છે તે મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનીને એવા શુભરાગ આવે ખરાં પણ આવો રાગ કરવો જોઈએ એમ તે જરાય માનતા નથી, અને અજ્ઞાની તો આવો રાગ કરવા જેવો છે એમ આસ્રવની ભાવના ભાવે છે, તેથી તે જ્ઞાતા સ્વભાવનો વૈરી છે. આ અજ્ઞાની જીવ પંચ મહાવ્રત પાળતો હોય તો તેમાં તલ્લીન રહે છે તેથી અરે...... અપૂર્વપણું શું ? આત્મામાં નિર્વિકલ્પ અનુભવ સહિત શ્રદ્ધા–જ્ઞાન ચારિત્ર શું તે વિચારવાને લાયક પણ થતો નથી.

જ્ઞાનીને નીચલી દશામાં રાગ આવે છતાં તેનો આદર નથી, ભાવના નથી, રુચિ નથી. સર્વ પ્રકારના રાગાદિનો અંદરથી નકાર (નિષેધ) વર્તે છે. તે જાણે છે કે રાગાદિ આસ્રવ તત્ત્વ છે તેથી તે મારૂં સ્વરૂપ નથી, કેમકે હું તો નિત્ય જ્ઞાનાનંદ જાગ્રત સ્વરૂપ છું, રાગાદિ તેનાથી વિરૂદ્ધ

છે. તેને ટાળવા પાડતા નથી. સ્વાશ્રયમાં લીનતાનુસાર તે ટળી જ જાય છે એટલે કે ઉત્પન્ન થતા નથી. એવા ભાનપૂર્વક સ્વરૂપમાં અંશે એકાગ્રતાની ભૂમિકા વધતી જાય છે, તેમાં વચ્ચે પંચ મહાવ્રત, નગ્નતાદિ ૨૮ મૂળ ગુણના શુભભાવ આવે ખરા, પણ તેને તે ખરેખર ધર્મ ન માને પણ તે પુણ્યબંધનું કારણ છે, શુભાસ્રવ છે એમ નિઃશંકપણે માને છે. જે ધર્મ નથી તેનાથી કોઈને કોઈ પ્રકારે આત્મકલ્યાણરૂપ ધર્મ થતો હશે તો ? એવી શંકા ધર્મ જીવને હોતી નથી.

અનાદિથી આ વાત સાંભળી નથી, તેનો પરિચય કર્યો નથી. કર્તા ભોક્તા, કામ, ભોગ અને બંધનની કથામાં રુચિ કરી રહ્યો છે ને તેને પોષણ આપનારાનો સંગ રુચે જ છે. કામ, ભોગ અને બંધનની વાતથી જાુદી જાતની વાત–ભગવાન આત્મા રાગથી અને પરથી પૃથક્ જ્ઞાનાનંદ છે તેની વાત પ્રીતિથી સાંભળી નથી, રુચિમાં લીધી નથી.

એકેન્દ્રિય, બે ઇન્દ્રિય આદિ જીવને ન મારવા, દયા પાળવી, ચોરી ન કરવી, ઇન્દ્રાણી ચળાવવા આવે તો પણ ન ચળે એવા બ્રહ્મચર્યની પ્રીતિ વગેરે શુભ રાગ છે. બહારથી જોનારને તેનો મહિમા આવે કે અહાહા ! ધન્ય....આ ચારિત્ર પાળે છે પણ ભગવાને તેને આત્માનું ચારિત્ર કહ્યું નથી, તે તો રાગનું ચારિત્ર છે.

શુભભાવ કરવા ન કરવાની વાત નથી પણ અજ્ઞાનીને તેમાં મિથ્યા અભિપ્રાય, જે અનંત સંસારનું કારણ કેમ થાય છે કે જેમાં આત્મહિતરૂપ ધર્મ નથી તેને ધર્મ માને છે, જેવું વસ્તુ સ્વરૂપ છે તેવું માનતો નથી પણ છે તેનાથી વિરુદ્ધ માને છે, વિરુદ્ધમાં જ તન્મય થઈ રહે છે. તે ભૂલને સમજીને, મિથ્યા માન્યતા છોડી, સાચી ઓળખાણ માટેની વાત છે.

અહીં દ્રવ્યલિંગી શુભ રાગમાં આત્માનું ચારિત્ર માને છે, તે વાત ચાલે છે. પાંચ સમિતિ ( ઈર્યા, ભાષા, એષણા, આદાન નિક્ષેપણ, પ્રતિષ્ઠાપન ) ને બરાબર પાળે છે, ત્રણ ગુપ્ત એટલે મન–વચન કાયાને અશુભમાં ન જવા દે, પણ તે મોક્ષમાર્ગ નથી, સંવર નિર્જરા નથી, શાન્તિનું કારણ નથી છતાં અજ્ઞાનવશે તેમાં આત્માનું હિત ભાળે છે, કેમકે તેની દ્રષ્ટિમાં ફેર છે. આમ જ્ઞાની અજ્ઞાનીની માન્યતામાં મોટો–ઊગમણો આથમણો ફેર છે.

અનાદિ અનંત જ્ઞાનાદિ શક્તિથી પરિપૂર્ણ ચૈતન્યસ્વરૂપ તે આત્મા છે. તેનાથી વિરૂદ્ધ તે મિથ્યાત્વ અને પુણ્ય પાપ છે. પુણ્યપાપથી સંસાર જ ફળે છે, અહીં એટલે આ લોકમાં રખડવાનું મળે છે. લોકસંજ્ઞા વડે સ્વરૂપમાં નિશ્ચય દશા અને સિદ્ધપદની પ્રાપ્તિ થઈ શકતી નથી.

એકવાર વડિયા ( સૌરાષ્ટ્ર ) જતાં તોરી નામે ગામડામાં રાત્રિ રહેવાનું બનેલું, ત્યાં ખેડૂતો જીજ્ઞાસાથી મળવા આવેલા, તેઓએ કહ્યું કે અગાધ ગતિ નામનું પુસ્તક અમારી પાસે છે તેમાં જે લખ્યું છે તેનો ગૂઢ અર્થ અમને સમજાતો નથી. પછી તેમને તે વાંચવા કહ્યું તો તેમાં લખેલું હતું કે દયા, દાન, વ્રત, તપ, જાપ, નામ સ્મરણ, ભક્તિ, પૂજા, યાત્રા, ભગવાનની સ્તુતિ આદિ બધાનું ફળ અહીં છે, આ લોકમાં જે દેખાય છે તે મળશે, પણ તેનાથી આત્માની સાથે રહેવા યોગ્ય શાન્તિ ( ધર્મ ) નહીં મળે, એટલે કે લોકો જેને અને જેના વડે ધર્મ માને છે તે ધર્મ નથી. આત્મશાન્તિરૂપ ધર્મ તે બધાથી જાુદી જાતનો છે. તે શું અને કેમ પ્રગટે તે વાત તે પુસ્તકમાં નહોતી.

અહીં તો આત્મા અને મલીનભાવરૂપ આસ્રવ બેમાં જે અનાદિથી અજ્ઞાન વડે કર્તા–કર્મબુદ્ધિ છે તે મટાડી આત્મા જ્ઞાતા છે, તેને ઓળખી તેના આશ્રયે જ શાન્તિ થઈ શકે છે, ને તે જ પોતાના અધિકારની વાત છે એ કહેવાય છે.

પાણીમાં જેમ શેવાળ છે તે પાણીનું સ્વરૂપ નથી પણ મેલ છે, તેમ આ આત્મામાં જેટલી કંઈ શુભાશુભ રાગની વૃત્તિ ઊઠે–મહાવ્રતાદિના શુભ ભાવ આવે તે પણ આસ્રવ છે, મેલ છે–માટે તેનાથી ધર્મ માનનારા અને મનાવનારા પોતાને આત્માને સંસારરૂપી ઊંડા ખાડામાં પાડનારા છે. તેની દરેક વાત સમ્યગ્દર્શનનો નાશ કરનારી છે.

ધર્મની પરીક્ષા બરાબર અભ્યાસ વડે ન કરે અને સંપ્રદાયનો વેશ ભાળે–બાહ્યમાં માનેલી ક્રિયા દેખે ત્યાં

વંદન–આદર કરવા લાગે છે–તેને સત્યની કિંમત નથી. ચિદાનંદ સ્વરૂપમાં લીનતારૂપ શ્રદ્ધાનો આનંદ અને ચારિત્રાનંદ કેવો હોય તેની વાત તેં સાંભળી નથી.

હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ અને તેના ત્યાગરૂપ અહિંસા આદિ શુભ ભાવ બેય રાગની વૃત્તિ છે તે તીવ્ર અને મંદ કષાય હોવાથી બંધના કારણો છે, ધર્મનું કારણ નથી. વ્યવહારમાં પુણ્યપાપનો ભેદ છે. નિશ્ચયથી મોક્ષમાર્ગમાં બેયનો નિષેધ છે. પ્રથમ પરિશ્રમપૂર્વક સત્ય અસત્યનો નિર્ણય કરવો જોઈએ. 'તમેવ સચ્ચં' કહી તત્ત્વનિર્ણય વિના અનંત ભવ ગુમાવ્યા.

ભગવાને અહિંસા ધર્મ કહ્યો છે, માહણો, મા હણો, એમ કહ્યું છે એમ વિચારવું તે રાગનો ભાવ છે, રાગદ્વેષની વૃત્તિ તે ધર્મ નથી પણ અધર્મ છે, પણ તેનો અર્થ એમ નથી કે પુણ્ય–શુભભાવ છોડી પાપમાં પ્રવર્તવું, પણ પુણ્ય પાપ બેય સંસાર છે, તેનાથી પાર પોતાનો જ્ઞાનાનંદ સ્વભાવ છે તેમાં શ્રદ્ધા–જ્ઞાન અને લીનતા કરવારૂપ ધર્મ છે, તે વીતરાગભાવ છે અને તે જ ભગવાને કહેલી ખરી અહિંસા છે. "મા હણો" એટલે પોતાના જ્ઞાતા દૃષ્ટા અને શાન્તિ સ્વરૂપની રક્ષા છે. બીજા જીવો પ્રત્યે અનુકમ્પા, અહિંસાનો ભાવ તે શુભરાગ છે એમ જાણી, તત્ત્વ નિર્ણય અને વીતરાગતા કરવા માટે ભગવાને ફરમાવ્યું છે. ત્રણે કાળે આ પરમાર્થ સત્ય છે, તેનો નિર્ધાર કરે નહીં અને એકલા વ્યવહારને ધર્મ માને છે. ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા, આદાન નિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન સમિતિનું પાલન કરવાનો ભાવ તે શુભરાગ છે, તેને ખરેખર ધર્મ માની બેઠા છે, તેને ભગવાને કહ્યું છે કે–એ શુભરાગ પણ મંદ કષાયરૂપ અધર્મ છે. કેમકે આત્મા જ્ઞાનાનંદમય વીતરાગ સ્વભાવી છે તેનાથી વિરૂદ્ધ ભાવ તે અધર્મ છે, ચૈતન્યની જાગૃતિને રોકનાર છે–એમ જાણીને સત્યાર્થ એવા મોક્ષમાર્ગની શ્રદ્ધા કરવા કહ્યું છે. પાપમાં જવાનું કહેલ નથી.

પુન્ય પાપ બેય પરાશ્રય છે, તેની અપેક્ષા વિનાનો આત્મા સદાય જ્ઞાનાનંદ સ્વભાવી છે તેમાં શ્રદ્ધા–જ્ઞાન અને લીનતા તે ચારિત્ર છે તે ખરી સમિતિ છે, એને ભગવાને ભૂતાર્થ ધર્મ કહેલ છે. જ્ઞાનીને છઠ્ઠા ગુણસ્થાન સુધી શુભભાવરૂપ વ્યવહાર સમિતિ પણ હોય પણ અજ્ઞાની તે શુભ રાગમાં આત્માનો ધર્મ માને છે, ચારિત્ર માને છે, પણ ખરેખર એમ નથી, કારણ કે રાગ તો વિરોધભાવ હોવાથી આત્માને સ્પર્શતો નથી.

બાર પ્રકારના તપ–અનશન, ઓછું ખાવું, વૃત્તિપરિસંખ્યાન, રસ પરિત્યાગ, વિવિક્ત શય્યાસન–એકાન્ત વસવું, કાયકલેશ, પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ એમાં ધર્મી જીવને તો ભેદજ્ઞાનપૂર્વક સ્વસન્મુખતાના બળથી જેટલી આત્માના પરિણામોની શુદ્ધિ થાય છે તેટલા અંશે સંવર, નિર્જરારૂપ ધર્મ છે અને જેટલો રાગ બાકી રહેલ છે તે પરાશ્રય–બંધભાવ છે, અધર્મ છે તેને અસદભૂત વ્યવહારનયથી ધર્મ કહેવાય છે. અજ્ઞાનીને સત્ય શું તેનો જરાય નિર્ધાર નથી, તેથી કંથચિત્ આત્મભાવથી અને કંથચિત્ શુભરાગથી પણ આત્માને હિત થતું હશે એમ માને છે અથવા વ્રત–સમિતિ–ગુપ્તિના રાગને જ ધર્મ માને છે.

ભાવલિંગી મુનિને સંયમના હેતુએ આહાર લેવાનો ભાવ આવે છે તે શુભ આવે છે પણ તેની નીચેની દશાવાળાને આહાર લેવાનો ભાવ તે પાપભાવ છે અને ન લેવાનો ભાવ તે પુણ્યભાવ છે, શુભરાગ છે, પુણ્યપાપ બન્ને આસ્રવ છે, બંધના કારણ છે.

વરસીતપ કરે તેમાં કષાય પાતળો પાડી સહન કરે, શુભ ભાવ કરે તો પુણ્ય છે. પુણ્યને ધર્મ માને તો મિથ્યાત્વરૂપી મોટું પાપ છે. માનાદિ માટે તપ કરે, તેનું ઉજવણું, (ઉદ્યાપન) કરવું જ જોઈએ, ન કરાવો તો મારૂં તપ લાંઘણ કહેવાય એમ માની આબરૂ ખાતર ઉજવણું કરે તો પાપ લાગે સ્ત્રીને રાજી રાખવા ખાતર ધન ખર્ચે તે પણ પાપ છે.

પ્રશ્નઃ– ખર્ચ ન કરે, તપ ન કરે તેનાં કરતાં કરે છે તેટલા અંશે તેઓ ભલા છે ને?

ઉઃ– ના. કેમકે તેને હિત, અહિત શું, આત્મા શું, તેની ખબર નથી, તેથી તે ક્રોધ–માનાદિ કષાય પોષવા ખાતર જ બધું કરે છે, તેથી અજ્ઞાનીના કોઈ કાર્યને સારૂં

એટલે પરમાર્થે ભલું છે–આત્માને હિતકર છે એમ જ્ઞાની માનતા નથી.

(૧) ઉપવાસ અતીન્દ્રિય જ્ઞાનમય આત્મામાં વસવું તે ઉપવાસ છે. પણ અજ્ઞાનીને નિશ્ચય–વ્યવહાર હોતા જ નથી.

(૨) અવમૌદર્ય તપમાં ચાર રોટલી ખાય તો પાપ અને બે રોટલી ખાય તો ધર્મ થયો એમ નથી. આત્મા તો જ્ઞાન છે, રોટલીને લઈ શકતો નથી, છોડી શકતો નથી, માત્ર એવો રાગ કરી શકે છે, રાગને ધર્મ માની મિથ્યાત્વરૂપી મોટું પાપ કરી રહ્યો છે તેની તેને ખબર નથી. અજ્ઞાન તે બચાવ નથી.

પ્રશ્નઃ– વ્યવહારથી તો પરનું કાર્ય આત્માથી થાય છે ને ?

ઉત્તરઃ– જ્ઞાની કે અજ્ઞાની વ્યવહારથી પણ પરનું કાર્ય કરી શકતો નથી. શરીરની ક્રિયા કરી શકતો નથી, માત્ર અભિમાન કરે છે. જ્ઞાનીને નિત્ય જ્ઞાયક છું એમ ભાનમાં જેટલા અંશે સ્વરૂપમાં એકાગ્રતા છે તે નિશ્ચય અવમૌદર્ય તપ છે અને તે જ જીવને તે કાળે શુભ રાગ પણ છે તે વ્યવહાર તપ છે. તેની અજ્ઞાનીને ખબર નથી.

(૩) વૃત્તિ પરિસંખ્યાન–૧–અકષાય જ્ઞાતાસ્વરૂપમાં વિશેષ આલંબનદ્વારા અંશે શુદ્ધિની વૃદ્ધિ થવી તે નિશ્ચય તપ અને–૨–ભિક્ષા માટે જતી વખતે અમુક પ્રકારે આવી વિધિ મળે તો જ આહાર લેવો એવી પ્રતિજ્ઞાઓ તેમાં હોય છે તે શુભરાગ પણ હેય છે એમ જાણી તેને ઉપચારતપ કહેવો તે વ્યવહારવૃત્તિ પરિસંખ્યાન.

(૪) રસ પરિત્યાગ–છ રસોમાંથી છ અથવા અમુક રસવાળો ખોરાક ન લેવો એવો રાગ જ્ઞાનીને પણ આવે છતાં તે આત્માનું ચારિત્ર અર્થાત્ ધર્મ છે એમ જ્ઞાની માનતા નથી, અજ્ઞાની તેમાં ધર્મ માને છે.

(૫) કાયકલેશ–દ્રઢ આસનથી કાયાને સ્થિર રાખવાનો ભાવ તે શુભ રાગ છે, અજ્ઞાનીને શરીર પ્રત્યે રાગની મંદતા થાય પણ તે શુભભાવ છે, ધર્મ નથી.

(૬) વિવિક્ત શય્યાસન–એકાન્ત વાસમાં રહેવું, સ્ત્રી, નપુંસક પશુ જ્યાં હોય ત્યાં ન રહેવું એવો શુભ ભાવ તે પુણ્ય છે, ધર્મ નથી.

અહીં અજ્ઞાનીના બાર પ્રકારે તપરૂપ શુભરાગની વાત ચાલે છે. મુનિલિંગ ધારીને બાર પ્રકારની રાગની વાસનામાં તે નિરન્તર સાવધાન રહે છે. આત્મહિતમાં જરાય સાવધાન નથી.

આત્માએ પર વસ્તુને પકડી નથી કે છોડે, પણ તેણે અજ્ઞાન ભાવમાં–રાગમાં કર્તાપણાની વાસનાને, મિથ્યાત્વ ભાવને પકડયો છે–કે આ મારૂં છે, મેં આને છોડયું છે–એમ રાગમાં અને પર વસ્તુમાં કર્તાપણાની વાસના છે તે જ અનંત સંસારનું મૂળ કારણ છે.

મહાવીર ભગવાને પણ તપ કરેલ છે–૧૨ાા વર્ષ સુધી તપ કર્યાં, સુખે કરીને સૂતા નહીં, સુખે કરીને ખાધું પીધું નહીં. વેળુના કોળિયા જેવું કઠણ ચારિત્ર પાળ્યું, ત્યારે તેમને કેવળજ્ઞાન થયું, એમ અજ્ઞાની માને છે અને મોક્ષમાર્ગને કષ્ટદાતા–દુઃખ દેનાર બતાવે છે. પણ એમ નથી–ભગવાને એવા તપ કર્યા જ નથી. પણ બેહદ જ્ઞાનાનંદ સ્વભાવી આત્મામાં એકાકાર રહેવાના અભ્યાસમાં, આહાર લેવાની વૃત્તિ ઉત્પન્ન થઈ નહીં, અને તેના સ્થાનમાં અતીન્દ્રિય આનંદ રસની રેલમછેલ થતી હતી. આમ આત્માના આનંદમાં વર્તતા હતા, તેનું નામ તપ છે.

અજ્ઞાની તેના માનેલા પોષધ સહિત ઘણા ઉપવાસ કરે છતાં દેહની ક્રિયા અને આહાર મેં છોડયો, એવા રાગની ઉપર દ્રષ્ટિ છે તેથી તેના ઉપવાસ લાંઘણ જ છે. વ્યવહાર ધર્મ પણ નથી.

જ્ઞાનીને આત્મામાં એકાગ્ર રહેવાનો અખતરો કરતાં અતીન્દ્રિય આનંદનો એવો સ્વાદ આવે કે આખું જગત લૂખું લાગે, અને અંદરમાં અપૂર્વ જ્ઞાનાનંદની શાન્તિ અને તેમાં લીનતા જામે તેનું નામ ઉપવાસ છે. સાથે અલ્પ રાગ રહ્યો તેને ઉપચારથી, વ્યવહારથી ઉપવાસ કહેવાય છે, દેહની ક્રિયામાં ધર્મ, અધર્મ કે ઉપવાસ નથી.

કોઈ કહે દેહની ક્રિયા ગમે તેમ પાપમાં વર્તે તેની સાથે આત્માને સંબંધ નથી, એમ સ્વચ્છંદની વાતો કરે

એવા પાપીની અહીં વાત નથી, પણ નવતત્ત્વમાં આસ્રવતત્ત્વ જે બંધનું કારણ છે તેને જે સંવર, નિર્જરા, ધર્મ માને છે તે મિથ્યાત્વ છે. તે મિથ્યાત્વ છોડી સાચી ઓળખાણ કરવાની વાત છે.

કહ્યું છે કેઃ–

'આસ્રવ બંધ વિભાવ કરે રુચિ આપણી

ભૂલ્યો મિથ્યાવાસ દોષ દે પર ભણી'

પ્રભુ! હું મારા આત્માની પ્રભુતાને ભૂલી આસ્રવમાં–રાગની ક્રિયામાં ધર્મ માનતો હતો પણ તે અધર્મ જ હતો, ધર્મ તેનાથી જાુદો છે તેની મને ખબર નહોતી એમ પ્રથમ નક્કી કરે, નિર્ણય કરે તો સત્ય સાંભળ્યું કહેવાય.

પોતાને રાગની રુચિ હોવાથી, મિથ્યા ઉપદેશકોની વાત રુચિ હતી, એમ માનતા ખોટું સંભળાવનારને દોષ દેવો તે યોગ્ય નથી.

પ્રથમ રાગ ઘટાડવાનું કહો–પુણ્ય બતાવો એમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે. પ્રથમ આત્મામાં એકત્વ અને મિથ્યાત્વાદિ આસ્રવની ક્રિયાથી વિભક્ત એવા સત્યની વાત સાંભળે તો ખરો! ફરી આવી સત્ય વાત અનંત–કાળે કેદિ મળશે?

અનંતવાર ધર્મના નામે દેહની ક્રિયામાં અને રાગમાં ધર્મ માની બેઠો–દેહ, વાણીની ક્રિયા અને શુભ અશુભ રાગની અપેક્ષા રહિત, પરાશ્રય એટલે વ્યવહારના પક્ષ વિના એકલા ચૈતન્ય સ્વરૂપમાં શ્રદ્ધા–જ્ઞાન વડે એકાગ્ર થવું તે જ ધર્મ છે, તેનાથી વિરુદ્ધ તે અધર્મ છે.

પ્રાયશ્ચિત તપમાં ગણાય છે. અજ્ઞાની બાહ્યમાં નિંદા, ગર્હા કરે–ક્ષમા માગે કે હે ગુરુ! મને પ્રાયશ્ચિત આપો, ઉંદરડી પગ તળે આવીને મરી ગઈ વગેરે. તે દેહની ક્રિયા અનુસાર પાપ માને છે પણ અંદરમાં–ભાવમાં કષાય શક્તિ કેટલી છે તેના કાર્ય અનુસાર બહારમાં નિમિત્ત નૈમિત્તિક હિંસા વ્યવહારથી માનવામાં આવે છે પણ ખરેખર પોતાના ભાવમાં મિથ્યાત્વ રાગાદિની ઉત્પત્તિ કરવી તેનું નામ હિંસા છે, તેની અજ્ઞાનીને કાંઈ ખબર નથી.

જ્ઞાનીને વ્યવહાર પ્રાયશ્ચિત્તનો શુભ ભાવ આવે પણ તેને ભૂતાર્થ ધર્મ માનતા નથી, શુભાશુભ રહિત નિર્મળ જ્ઞાનમાં જેટલા અંશે સ્થિરતા–શુદ્ધિ વર્તે છે તે નિશ્ચય પ્રાયશ્ચિત્તરૂપ ધર્મ છે.

વિનયતપમાં–સાચા–દેવ–શાસ્ત્ર–ગુરુ, ભગવાનની પ્રતિમા પ્રત્યે બહુમાન–વિનય–નમ્રતા તે શુભ ભાવ છે, પુણ્ય છે. નિમિત્ત અને રાગની અપેક્ષારહિત આત્મામાં જ એકાગ્રપણે ઢળવું તે નિશ્ચય વિનય છે તે ધર્મ છે ત્યાં શુભરાગને વ્યવહાર ધર્મ કહેવાય છે.

અજ્ઞાનીનો શુભરાગ મિથ્યાત્વ સહિત હોવાથી તેમાં વ્યવહારધર્મનો આરોપ આવતો જ નથી.

પ્રશ્નઃ–દેવ, શાસ્ત્ર, ગુરુનો વિનય તેમાં પુણ્ય જ છે? ધર્મ જરાય નથી?

ઉત્તરઃ– જ્ઞાની ધર્મીને એવો શુભરાગ આવે છે. ભૂમિકાનુસાર એવો શુભરાગ આવ્યા વિના રહે નહીં. પણ તેને આત્માને હિત કરનાર એવો ધર્મ માને નહીં પણ આત્મામાં જેટલી એકાગ્રતા, શાન્તિ–સ્થિરતા છે તેટલો જ ધર્મ છે. રાગાદિ સ્વભાવ નથી, ઔપાધિક ભાવ છે તેમાં ધર્મ નથી છતાં ધર્મ માને તે જ અનંત સંસારનું મૂળ કારણ મિથ્યાત્વનું પાપ છે. અજ્ઞાનીને તેની કિંમત નથી, ખબર જ નથી. સાચા દેવ, શાસ્ત્ર, ગુરુ પ્રત્યે વિનયભક્તિ, સાધર્મીની સેવા વગેરેના શુભભાવ આવે પણ સમ્યગ્દ્રષ્ટિ તેને આત્મધર્મના ખાતામાં ન ખતવે, મોક્ષમાર્ગ ન માને. દરિદ્રનારાયણની સેવા કરીએ, તેના આશીર્વાદ મળી જાય તો સુખી થઈએ એ માન્યતા મિથ્યા છે કેમકે કોઈ જીવને સંયોગથી દુઃખ નથી પણ પોતાને ભૂલી જવું અને પરથી સુખદુઃખ માનવું, દેહમાં એકતા બુદ્ધિ કરવી તેનું દુઃખ છે. શરીરનો સદુપયોગ કરી શકાતો નથી–હું બીજાને દુઃખ ન દઉં, મદદ કરૂં એવો શુભરાગ આવે ખરો પણ તે મોક્ષમાર્ગરૂપ ધર્મ નથી.

જો શરીરથી ધર્મ થતો હોય તો તેમાં રોગ આવે, લકવા થઈ જાય ત્યારે આત્મા ધર્મ રહિત થઈ જાય, પણ શરીરને સરખું રાખવું આત્માના અધિકારમાં નથી. એક બાઈને લકવા છે, નાભી નીચેથી બધું અંગ શૂન્ય થઈ ગયુ છે. ઘણી પ્રેરણા કરે, ચાલવાની યોગ્યતા નથી તેથી ચાલતું નથી પણ ત્યાં રહેલા બાઈના આત્માને ધર્મનો ઘણો પ્રેમ છે, જાગૃતિ ઘણી છે, તેમાં શરીર આડું આવતું નથી. કહ્યું કે આત્મા જ્ઞાનાનંદ છે, સાક્ષીપણે નિત્ય જાણનાર સ્વરૂપે છે એમ સ્મરણ કરજે. જવાબમાં ખુબ પ્રસન્નતા બતાવી. પણ જેને તત્ત્વજ્ઞાન પ્રત્યે વિરોધ છે તે તો શરીરમાં મારો અધિકાર છે, હું પરનું કાંઈ કરી શકું છું, પુણ્યથી ધર્મ થાય એમ માન્યા જ કરે છે એ માન્યતા મોટી પાપદ્રષ્ટિ છે, કેમકે એમ માનનાર હું ચૈતન્ય છું, જ્ઞાતા જ છું, દેહાદિરૂપે નથી, અને પરનો કર્તા–ભોક્તા સ્વામી નથી એમ સત્યને માનતો જ નથી. પણ જ્ઞાતા સ્વભાવનો તિરસ્કારરૂપ કલેશ કરે છે.

દેહના કાર્ય સ્વતંત્ર છે, તારે આધીન નથી, તું તો પુણ્યપાપના ભાવ કરી શકે, અજ્ઞાન અથવા જ્ઞાન કરી શકે. દયા, દાન, વ્રત, તપના ભાવ તે પુણ્ય છે, ધર્મ નથી. ધર્મ તો અધર્મથી રહિત આત્માનો નિર્મળ સ્વભાવ છે. આ વાત દેહમાં અને રાગમાં એકતા બુદ્ધિવાળાને કઠણ પડે.

આત્મા પરનું કરવા સમર્થ નથી. રોગ ટાણે તો દેહની ક્રિયા ન કરી શકે પણ નિરોગી ટાણે કરી શકે કે નહીં? ના, પરમાં કર્તાપણું તો પરમાં એકતા બુદ્ધિથી સંયોગ તરફથી જોનારો માને છે. પણ ઈચ્છા વડે કે જ્ઞાન વડે કોઈ પ્રકારે પરનું કાંઈ કરી શકાતું નથી.

અજ્ઞાનભાવે સ્વ પરના વસ્તુસ્વભાવને ભૂલીને, માત્ર પોતાની અંદર, પોતાના ભાવમાં અજ્ઞાન ભાવ કરે, કાંતો જ્ઞાનભાવ કરે. પરની ક્રિયા (પરની અવસ્થાનું ઉત્પાદ વ્યયરૂપ કાર્ય) કોઈપણ કરી શકે નહીં, કરાવી શકે નહીં, મોહથી માને ભલે.

કોણ કૂણો જીવો સેવાભાવી હોય તો તેને બીજા માખણ ચોપડે (ભલું મનાવે–ખુશામત કરે) કે અહો! તમે બહુ ઉપકાર કરો છો, બીજાનું ભલું કર્યું તો તે વાત જ્ઞાની માને નહીં, કેમકે કોઈ જીવપરનું ભલું ભુડું કરવા સમર્થ નથી. દરેક ભિન્ન તત્ત્વ છે, તેની શક્તિથી પરિપૂર્ણ ભરેલા છે. કોઈની સહાય મળે તો ટકે એવા પરાધીન કોઈ નથી.

જ્ઞાની બીજાને સંયોગના લીધે દુઃખી સુખી માને નહીં, પણ તેના અજ્ઞાન જ્ઞાનના કારણે તે દુઃખીસુખી થાય છે એમ માને છે. જ્ઞાનીને બીજાની સેવા કરવાનો શુભ ભાવ આવે, પણ હું પરનું કાંઈ કરી શકું છું એમ માને નહીં.

વર્તમાન સંયોગ માત્રને દેખનારા સુધારાવાદીને આ વાત ન બેસે પણ વસ્તુ અનાદિ અનંત છે, છે તો તેમાં તેની સર્વ શક્તિ (ગુણ) પણ અનાદિ અનંત છે. દરેક દ્રવ્ય પોતાપણે છે અને પરપણે નથી માટે પોતાપણે ટકીને નવી નવી અવસ્થાપણે બદલે છે. બે તત્ત્વો સદાય જુદા છે, એવી દરેક દ્રવ્યની સ્વતંત્ર મર્યાદા જાણે તો પોતે દેહથી જુદો સ્વતંત્ર સત્ પદાર્થ છે, અને શરીરાદિ ભિન્ન તત્ત્વો પણ સ્વતંત્ર સત્પરમાણું નામે પદાર્થ છે તે પણ તેનાથી ટકીને બદલે છે એમ જાણે તો સત્યનો વિચાર આવે કે અહો! દરેક દ્રવ્ય પરથી ભિન્ન છે ને પોતપોતાની શક્તિથી પરિપૂર્ણ પોતાપણે વર્તે છે, તો તે કોઈ બીજાનું શું કરે!

લૌકિકમાં વ્યવહારથી કર્તાપણાનું કથન આવે, પણ તે કહેવામાત્ર છે. પરનું કરી શકાતું નથી એમ ધર્મ જીજ્ઞાસુએ પ્રથમથી જ નિર્ણય કરવો જોઈએ.

કાર્યોત્સર્ગ નામે પદનો ભેદ છે. કાયાને એક સ્થાને રોકી રાખવી તે કાર્યોત્સર્ગ નથી. હું કાયા રોકી શકતો જ નથી. દેહ અને સમસ્ત રાગથી જુદો ત્રિકાળ જ્ઞાયક છું એમ ભેદજ્ઞાન કરી એકાગ્ર થાઉં, એવા વિકલ્પથી છૂટી, અતીન્દ્રિય આનંદમાં એકાગ્ર થતાં દેહની મમતાનો

ત્યાગ થઈ જાય તેનું નામ કાર્યોત્સર્ગ છે. પણ તે સંબંધી રાગ આવે, વિકલ્પો ઊઠે તે ધર્મ નથી, છતાં તેને પણ કાર્યોત્સર્ગ કહેવો તે અસદ્ભૂત ઉપચરિત વ્યવહારનયનું કથન છે.

સ્વાધ્યાય વાંચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મકથાનો ભાવ તે પુણ્ય છે, ધર્મ નથી. ધર્મ તો અતીન્દ્રિયજ્ઞાનમાં જેટલી લીનતા થાય, સ્વસન્મુખ જાગૃતિદ્વારા શાન્તિ થાય તે ધર્મ છે, સ્વાધ્યાય છે.

સંયોગદૃષ્ટિ અને અતીન્દ્રિય જ્ઞાનમય સ્વભાવદૃષ્ટિમાં મહાન અંતર છે.

આનંદ પૂછે પરમાનંદને, માણસે માણસે ફેર;
એક નાણા નાખ્યે ન મળે, એક તાંબિયાના તેર!

ધ્યાન-નિર્વિકલ્પ ભેદજ્ઞાન તે સ્વદ્રવ્યના આશ્રયરૂપ ધ્યાન છે, તે વિના મનમાં એકાગ્રતા કરે, હું ધ્યાન કરું છું, હું આવો છું એવા વિકલ્પમાં આત્માનું ધ્યાન માને તે મિથ્યાદૃષ્ટિ છે. સાધારણ બુદ્ધિવાનને તત્ત્વજ્ઞાનમાં રસ ન આવે, પોતાની મેળે વિચાર આગળ ચાલે નહીં, પ્રમાદમાં ધ્યાન માને છે એમ અનાદિથી અજ્ઞાનીનું ધ્યાન અજ્ઞાન ચેતનામાં હોય છે. આત્માનું ધ્યાન નિશ્ચય સમ્યગ્દર્શન વિના હોઈ શકે નહીં.

## અપૂર્વ આત્મજાગૃતિ સહિત સંલ્લેખના

સત્=સમ્યક્ પ્રકારે, લેખના=મિથ્યા માન્યતાના ત્યાગપૂર્વક કષાયને કૃશ (ક્ષીણ) અને આત્માને બળવાન કરવાને સંલ્લેખના કહે છે.

જ્ઞાની જીવ શરીરમાં સ્વાભાવિક દશાથી વિકૃત દશા, વૃદ્ધત્વ, અંધત્વ, અસાધ્ય રોગ તથા શુભાશુભ નિમિત્તજ્ઞાનની શક્તિથી પોતાના (શરીરના) મરણકાળનો જ્યારે નિશ્ચય કરી લે છે ત્યારે જ તે ધર્મી જીવ સંન્યાસ-સમાધિમરણની વિધિ અંગીકાર કરે છે અને આ સમ્યક્ સમાધિદશામાં વિશેષ પ્રકારે રાગદ્વેષ મોહાદિકનો સ્વાવલંબનના બળથી અભાવ કરવામાં આવતો હોવાથી આત્મઘાતનો દોષ લાગી શકતો નથી.

જેમ કોઈ મોટો વ્યાપારી ઘરમાં આગ લાગવાથી, પ્રથમ તો તે બુજાવવાનો પ્રયત્ન કરે છે પણ જ્યારે તેનું બુજાવું અશક્ય સમજી લે છે ત્યારે મૂલ્યવાન મુખ્ય વસ્તુ લઈને તેનો ત્યાગ કરે છે. તેમ શરીરમાં વ્યાધિ ઉત્પન્ન થાય, ઔષધીથી પણ રોગ મટે તેમ નથી અથવા કોઈ ઉપસર્ગ વા વૃદ્ધત્વાદિ કારણે સંયમ નિર્વાહ અશક્ય થઈ પડે ત્યારે જેમ પોતાનો આત્મિક ધર્મ ન બગડે એ રીતે સ્વરૂપ લક્ષે જ્ઞાનવૈરાગ્ય, શક્તિરૂપ ધર્મની રક્ષા અર્થે સંન્યાસ (સમાધિમરણની વિધિ) ધારણ કરે છે-તે કાંઈ આત્મઘાત નથી.

મુનિ સમ્યક્રત્નત્રયની આરાધનામાં જ તત્પર હોય છે. પોતાને સમાધિમરણનો નિશ્ચય થયા પછી એકાન્ત જંગલમાં, ડુંગરા-ગુફા આદિ એકાન્ત સ્થાનમાં પણ જાય, દૃઢતા એવી છે કે કદાચ શીથિલતા થાય તો અતિચાર જેટલો જ દોષ આવે પણ સમાધિમરણ ન ફરે-શરીર અને પાંચ ઇન્દ્રિયો તથા મન શીથિલ થાય છતાં અંદર નિજજાગ્રત ચૈતન્ય સ્વભાવનું નિરાલંબી શરણ ચાલુ કરે છે.

ભગવતી આરાધનામાં કથન છે કે સાધકમુનિ-સમાધિમરણ માટે પ્રાર્થના કરી આજ્ઞા લેવા માટે ૪૭ આચાર્ય પાસે જાય-તેનો અર્થ એ છે કે અફર આરાધનાના નિર્વાહ માટે ઉપડયો છે. તેમાં ૪૭ આચાર્ય-સંતને પુછવા જવાની દૃઢતા. નિર્માનતા અને લાયકાત કેટલી છે તેનું માપ છે, ત્યાં વિશેષ અનુભવી આચાર્યને પુછે છે કે આપની શું સલાહ છે. આજ્ઞા..આપો. આમ ૪૭ આચાર્યો પાસે જવાની ભાવનાથી ઉપડયો, વચ્ચે આયુ પૂર્ણ થઈ જાય તો પણ સમાધિનો આરાધક જ છે. આચાર્ય પાસે જાય તો તેના અફર નિશ્ચયની દૃઢતા જોઈને તેને ઉત્સાહિત કરે છે, ધન્યવાદ આપે છે. જુઓ, આજ્ઞા છે. વ્યવહારમાં વાંધો (-બાધા) નહીં આવે, નિશ્ચય તો તમારે છે જ.

આ રીતે સમ્યક્પ્રકારે કષાયને ક્ષીણ કરવાના વ્યાપારમાં પ્રવર્તવાવાળાને સમાધિમરણ નો વિધિ આત્મઘાત્ નથી પણ અંતિમ આરાધના છે.

# જ્ઞાન અને જ્ઞેયરૂપ સર્વ દ્રવ્યોની સ્વતંત્રતા; નિમિત્ત નૈમિત્તિક સંબંધની પણ સ્વતંત્રતા.

**( સમયસાર ગા. ૩૫૬ થી ૩૬૫ ઉપર પૂ. ગુરુદેવના પ્રવચન સોનગઢ અષાડ વદી ૧ )**

**-: દિવ્યધ્વની વીર શાસન જયંતિઃ-**

અહીં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. આત્મા અનંત ગુણોનો પિંડ અભેદ ચિન્માત્ર વસ્તુ છે. આત્માને ગુણભેદથી ઓળખવા માટે જ્ઞાન, દર્શન, ચારિત્રવાળો કહેવામાં આવે છે–ખરેખર આત્મા જ્ઞાયક તે જ્ઞાયક છે, એ નિશ્ચય છે અને આત્મા સ્વને જાણે છે એમ ભેદ પાડવો તે વ્યવહાર છે, એટલો ભેદ અખંડ વસ્તુમાં નથી, સ્વ–સ્વામી અંશરૂપ ભેદ શ્રદ્ધાના વિષયમાં માન્ય નથી.

આત્મા સ્વભાવથી જ પરવસ્તુના ત્યાગ સ્વરૂપત્યાજ્યરૂપે છે અર્થાત્ ચારિત્રરૂપે છે, એવો ભેદ નિશ્ચયમાં હોતો નથી. એમ કહી નિશ્ચયની વાસ્તવિક સ્થિતિ જાણવી. પ્રથમ અભેદ, નિશ્ચય દર્શન જ્ઞાન ચારિત્ર સંબંધી વર્ણન કર્યું. હવે વ્યવહારથી દ્રષ્ટાંત દ્વારા સમજાવે છે કે જેમ ખડી છે તે ભીંત, લાકડું આદિ દ્રવ્યના સ્વભાવરૂપે નથી તથા તેને પોતાના સફેદ સ્વભાવે પરિણમાવતી નથી, એ વાસ્તવિક છે એમ સ્વિકાર કર્યા પછી નિમિત્ત નૈમિત્તિક સંબંધ કેમ છે તે વ્યવહાર–ઉપચાર દ્વારા બતાવવામાં આવે છે.

ખડી સ્વયં સફેદ સ્વભાવે પરિણમે છે તેમાં ભીંત તો નિમિત્ત છે અને ખડી જેને નિમિત્ત છે એવા ભીંત આદિ પરદ્રવ્યો છે તેઓ સ્વયં પોતપોતાના સ્વભાવથી જ પરિણમે છે, તો પણ ભીંત આદિને ખડી શ્વેત કરે છે એમ વ્યવહાર–ઉપચાર કરવામાં આવે છે. ખડીની સફેદાઈ તેનાથી જ પ્રસિદ્ધ છે છતાં તેમાં ભીંત નિમિત્ત અને ભીંતને સફેદ થવામાં ખડી નિમિત્ત એમ પરસ્પર નિમિત્ત નૈમિત્તિક સંબંધરૂપ વ્યવહાર કરવામાં આવે છે, તેમ ખરેખર દર્શન, જ્ઞાન ગુણથી ભરેલો આત્મા પોતે પરદ્રવ્યના સ્વભાવરૂપે પરિણમતો જ નથી. જીવ રાગ દ્વેષ, વાણી અને શરીરરૂપે થઈ જતો નથી, કેમકે તે ચૈતન્યથી વિરુદ્ધ જ્ઞેય છે,–તે રૂપે જ્ઞાન દર્શનનું થવું અશક્ય જ છે. દર્શન, જ્ઞાન પોતાના કારણે જ નિરંતર પરિણમે છે, જ્ઞેયો તેના કાળે, એના કારણે નિરંતર પરિણમે છે. નિમિત્ત ઉપાદાન બેઉનું પરિણમન અનાદિ અનંત સ્વતંત્ર થઈ રહ્યું છે.

કોઈ દ્રવ્યને કોઈ કાળે પર દ્રવ્ય, ક્ષેત્ર, કોઈની રાહ જોવી પડે–પરિણમનની ધારા અટકી જાય એમ બનતું નથી. કોઈના કારણે કોઇનું પરિણમન વહેલું યા મોડું થઇ જાય એમ પણ નથી,–માત્ર લોકમાં સંયોગદ્રષ્ટિવાળા વ્યવહારથી કહે છે કે આનાથી આનામાં આમ થયું તે તો કહેવામાત્ર ( કથનમાત્ર ) કારણ છે.

જ્ઞાન પોતાના કાળે, પોતાના કારણે પરિણમે છે એવા જ્ઞાનપણે પરિણમતો આત્મા તેના જ્ઞાન પરિણામમાં પુદ્‌ગલ દ્રવ્ય તથા રાગાદિ જ્ઞેયપણે નિમિત્ત છે, એવા પોતાના જ્ઞાનગુણના સ્વભાવથી ભરેલા

સ્વભાવના પરિણામવડે નિજશક્તિરૂપે ઉપાદાનથી પોતે પરિણમે છે-પણ પર જ્ઞેયોપણે પરિણમતો નથી પરપણે રાગપણે ઉપજતો નથી-પણ નિરંતર પોતાના કારણે પોતાના ભાવપણે ઉપજે છે.

શુભાશુભરાગ, પુસ્તક, વાણી જ્ઞેયપણે નિમિત્ત છે, જ્ઞાન જ્ઞાનના કારણે છે ત્યાં જ્ઞાનની યોગ્યતાના પ્રમાણમાં જ્ઞેયો નિમિત્ત છે. જ્ઞેયોના પ્રમાણમાં જ્ઞાન થતું નથી. સામે જ્ઞેય પદાર્થ ભિન્ન ચીજ છે તે જ્ઞાનમાં જ્ઞેય માત્ર પણે નિમિત્ત છે. નિમિત્ત કાંઈ જ્ઞાનને ઉપજાવતું નથી, ઉલટું જ્ઞેય થવામાં નિમિત્તે બને છે.

દયા, દાન, ભક્તિ આદિનો શુભ રાગ આવે છે તે જ્ઞાનને ઉત્પન્ન કરતું નથી પણ તેઓ જ્ઞાનમાં જ્ઞેય થવામાં નિમિત્ત છે. શુભરાગવડે જ્ઞાન નથી અને જ્ઞાન વડે રાગનું પરિણમન નથી, રાગાદિ પણ જ્ઞાનથી ભિન્નજ્ઞેય છે. જ્ઞેયનું જ્ઞેયત્વ નક્કી કરવામાં જ્ઞાન નિમિત્ત છે અને જ્ઞાનનું જ્ઞાનત્વ નક્કી કરવામાં જ્ઞેય નિમિત્ત છે એમ પરસ્પર નિમિત્ત નૈમિત્તિક ભાવોનો વ્યવહાર છે ખરો-પણ ખરેખર કોઈને લીધે કોઈનું પરિવર્તન નથી. લોકાલોક છે તે કેવળજ્ઞાનમાં નિમિત્ત છે અને તે લોકાલોકને જ્ઞેયપણે પ્રસિદ્ધ થવામાં જ્ઞાન નિમિત્ત છે. એક સમયની કેવળજ્ઞાનપર્યાયમાં ત્રણેકાળવર્તી સર્વ વિશ્વ જ્ઞેય તરીકે નિમિત્ત છે.

અહીં એક સમયમાં પૂર્ણ જ્ઞાન છે તેમાં આખું વિશ્વ નિમિત્ત હોવું જોઈએ અને જ્ઞાનનું પરિણમન જ્ઞેયની પ્રસિદ્ધિમાં નિમિત્ત છે. બેઉ પોતપોતાની વર્તમાન પરિણામ શક્તિથી જ પરિણમે છે. જ્ઞાન બીજાને પરિણમાવનાર નથી તેમજ બીજાથી પરિણમે એવું નથી. જ્ઞાન જ સ્વયં પ્રત્યેક સમયે જ્ઞાનપણે જ્ઞાતાપણે ઉપજે છે, તેમાં જ્ઞેયો તેના સ્વકાળે નિમિત્ત છે, ને તે જ્ઞેયોને જ્ઞેયપણે પ્રસિદ્ધ કરવામાં જ્ઞાન નિમિત્ત છે.

જેમ અરીસો અને નાળીએરાદિ અરીસાની સ્વચ્છતામાં બાહ્યસ્થિત દ્રવ્યો નિમિત્ત છે અને સામેના પદાર્થોની અવસ્થા બતાવવામાં અરીસાની સ્વચ્છતા નિમિત્ત છે, પણ કોઈના કારણે કોઈની અવસ્થા ઉપજે છે એમ નથી-તેમ જ્ઞાનની પર્યાય શાસ્ત્રને જાણે છે તેમાં શાસ્ત્ર નિમિત્ત છે પણ શાસ્ત્રાદિથી જ્ઞાનની પર્યાય થઈ નથી. જો નિમિત્તોથી જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય તો નિમિત્તના સ્થાનમાં નિમિત્ત ન રહ્યું-ઉપાદાન થઈ ગયું. નિમિત્તને ઉપચાર ( વ્યવહાર ) કારણ ક્યારે કહેવાય કે જ્ઞાન જે જ્ઞેયને જાણવારૂપે પરિણમે તે જ્ઞેયને જ્ઞાનનું નિમિત્ત કહેવાય, અને જ્ઞેયને જ્ઞેયપણે પ્રકાશવામાં જ્ઞાન નિમિત્ત કહેવાય પણ આનું પરિણમન છે માટે બીજાનું પરિણમન છે એમ નથી-જ્ઞેય છે માટે જ્ઞાન છે એમ નથી.

જીવ ઘટપટાદિને દેખી રાગ કરે તો તે જ્ઞેયો રાગ થવામાં નિમિત્ત કહેવાયે નિમિત્તને કારણે રાગ થયો એમ કહેવું તે અસત્ય કથન છે, ઉપચારરૂપ વ્યવહાર છે.

સામે જેવો પદાર્થ હોય તેવું જ જ્ઞાન થતું હોય તો બધાને સાચું જ્ઞાન થવું જોઈએ પણ તેમ નથી. જ્ઞાન થાય છે પોતાની વર્તમાન યોગ્યતારૂપ સ્વસામર્થ્યથી તેમાં સામેના વિષયો જ્ઞેયપણે નિમિત્ત છે એટલો જ્ઞેય-જ્ઞાનને વ્યવહાર છે પણ જીવને પૂજા, ભક્તિ તથા શ્રવણનો રાગ આવ્યો માટે જ્ઞાન થયું એમ નથી; અને જ્ઞાનને કારણે રાગ અથવા ઇચ્છા થઈ એમ નથી. રાગાદિને તેપણે જ્ઞેય બનાવવામાં જ્ઞાન નિમિત્ત છે. જ્ઞાનમાં જ્ઞેય નિમિત્ત છે, પણ કોઈના નિમિત્તદ્વારા બીજામાં ફેરફાર થાય એમ નથી. જો નિમિત્તવડે ઉપાદાનનું કાર્ય થાય તો નિમિત્ત માન્યું કહેવાય એમ નથી. કેમકે ચૈતયિતાદિ ( જીવાદિ ) કોઈ અન્યને પરિણમાવી શકતા નથી અને કોઈ કોઈથી પરિણમતું નથી.

જેમ ભીતને સફેદરૂપ થવામાં ખડી નિમિત્ત છે તેમ જ્ઞાન છે તે જ્ઞેયને જ્ઞેયપણે પ્રગટ થવામાં નિમિત્ત છે એથી જ્ઞાન પુદ્‌ગલના સ્વભાવને જાણે છે પણ પરરૂપે થાય, પરરૂપે ઉપજે એમ કદિ બનતું નથી. માટે પરનું કર્તાપણું કહેવું તે માત્ર નિમિત્ત બતાવવા પુરતો વ્યવહાર છે. બે ભિન્ન દ્રવ્યોની પર્યાયમાં ભીંત-ખડીના

દૃષ્ટાન્તે પરસ્પર નિમિત્ત કહેવાનો વ્યવહાર છે તેમ આત્માશ્રદ્ધાદર્શન શક્તિથી ભરેલો છે તેને નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે નવતત્ત્વના ભેદ અને દેવ, શાસ્ત્ર, ગુરુ તથા છદ્રવ્યોની શ્રદ્ધા કરનારો કહેવું તે વ્યવહાર નય છે તેમાં શ્રદ્ધાવા યોગ્ય છ દ્રવ્યો તથા નવ તત્ત્વોના વિકલ્પ નિમિત્ત છે. નિમિત્ત નિમિત્તપણે છે પણ તેનાથી શ્રદ્ધા તથા દર્શન ઉપયોગરૂપ પર્યાય પરિણમે એમ નથી. કારણકે જીવ પોતે જ દર્શનજ્ઞાનાદિ ગુણની પર્યાયરૂપે પરિણમે છે, પોતાના જ્ઞાનાદિ કાર્યને જ પ્રગટ કરે છે, તેમાં જ્ઞેયો તથા શ્રદ્ધાના બાહ્ય વિષયો નિમિત્ત છે, પણ તે કોઈ જીવની શ્રદ્ધાદિ પર્યાયોના ઉત્પાદક નથી.

દર્શનમોહનો ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષય થાય તો સમ્યગ્દર્શન પ્રગટ થાય એમ નથી. દેવદર્શન, વેદના જાતિ સ્મરણ આદિ વડે સમ્યગ્દર્શન થાય એમ શાસ્ત્રમાં લખ્યું છે ને? તેનો અર્થ–એ તો નિમિત્ત માત્ર છે એમ સમજવું. જીવ પોતે નિર્મળ શ્રદ્ધા જ્ઞાનરૂપે પરિણમે તો તેને નિમિત્ત કારણ (વ્યવહાર–ઉપચાર કારણ) કહેવાય છે. નિમિત્ત છે માટે નૈમિત્તિક છે એમ નથી. વસ્તુ સ્વયંસિદ્ધ છે, પોતાથી છે, પરથી નથી, તેમ વસ્તુના ગુણ અને તેની અનેક પર્યાયો પણ સ્વયંસિદ્ધ છે. પોતાથી છે, પરથી નથી એ સાચી વાત છે છતાં પર વસ્તુ તેને નિમિત્ત છે એમ કહેવું તે નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે વ્યવહારનયનું કથન છે.

છ દ્રવ્ય નવ તત્ત્વ, સાચા દેવ, શાસ્ત્ર, ગુરુ વ્યવહાર–શ્રદ્ધાના વિષયપણે જ્ઞેયપણે નિમિત્ત છે. જ્યારે આ આત્મા પરમાવગાઢ સમ્યગ્દર્શનપણે તથા કેવળજ્ઞાનપણે પરિણમે–ઉપજે છે ત્યારે સમસ્ત લોકાલોક નિમિત્ત છે ને છ દ્રવ્યસ્વરૂપ આખું વિશ્વ તેને નિમિત્ત છે. કોઈ કોઈના કારણે નથી. દરેક પદાર્થ સ્વયંસિદ્ધતા સાબીત કરે છે.

અપૂર્ણ જ્ઞાન છે ત્યાં જ્ઞાનીને નિશ્ચયથી પોતાનો આત્મા જ આશ્રય છે, અને વ્યવહાર શ્રદ્ધા જ્ઞાનમાં સામે છ દ્રવ્ય વગેરે તથા શુભ રાગાદિ નિમિત્ત છે, તેઓ તો તેના ભાવે (–તેના સ્વરૂપે) ઊપજે છે તેને તેરૂપે પ્રસિદ્ધ કરવામાં જ્ઞાન નિમિત્ત છે. બેઉને નિશ્ચયથી કાંઈ સંબંધ નથી પણ પરસ્પર નિમિત્ત પણાનો વ્યવહાર છે તે અરીસાનું દૃષ્ટાંત આપી સમજાવેલ છે.

આત્મા જ્ઞાનભાવે પરિણમે છે, સામે જ્ઞેય જ્ઞેયપણે નિમિત્ત છે. નિમિત્ત નિમિત્તપણે પરિણમે છે તેમાં જ્ઞાન પ્રકાશકપણે નિમિત્ત છે. શ્રધ્ધેયને શ્રદ્ધનારપણે નિમિત્ત છે, પર પરને લાવે મેળવે કોણ? પરસ્પર નિમિત્ત છે એમ કહેવું તે વ્યવહારથી છે. તેમાં કોઈનું પરાધીનપણું બતાવેલ નથી.

દવાનું દૃષ્ટાંત–દવા અને કાગળનું પડીકું તેના કારણે તેના કાળે તેના સ્વભાવે પરિણમે છે, તે જ્ઞાનના વિષયરૂપ જ્ઞેય થવામાં જ્ઞાનને નિમિત્ત છે એન જ્ઞાન તથા તેની શ્રદ્ધારૂપે પરિણમતા તે ભાવમાં દવા વગેરે નિમિત્ત છે પણ કોઈના કારણે કોઈનું કાર્ય નથી, કોઈના લીધે કોઈમાં ફેરફાર થતો જ નથી, છતાં પરસ્પર નિમિત્તપણું કહેવું તે વ્યવહાર છે.

તેમ ભગવાન આત્મા ચેતયિતા તે તેના શ્રદ્ધાજ્ઞાન સ્વભાવે પરિણમે–ઉપજે છે તેમાં છ દ્રવ્ય, નવ તત્ત્વ નિમિત્ત છે પણ જો નિમિત્તના કારણે જીવ શ્રદ્ધા જ્ઞાનરૂપે પરિણમે તો બે તત્ત્વો જાુદા ન રહે અને નિમિત્ત નિમિત્તપણે ન રહે. સર્વજ્ઞકથિત જ્ઞેયો જેમ છે તેમ જાણે, માને તો તે નિમિત્તપણે સાચા છે અને જ્ઞાન જ્ઞેયને જ્ઞેયપણે પ્રગટ કરવામાં નિમિત્તપણે સાચું છે. જો જ્ઞેયમાં છ દ્રવ્ય ખરેખર છે એમ ન માને, ન જાણે, કાળદ્રવ્યની કોઈ સ્વતંત્ર સત્તા નથી (કાળદ્રવ્ય તે ઉપચાર જ છે) એમ કોઈ માને તો તેનું જ્ઞાન ખોટું અને જ્ઞેય પણ ખોટું છે.

આત્મા સદાય દર્શન–શ્રદ્ધા જ્ઞાન સ્વભાવ સહિત હોવાથી પોતાના સ્વભાવથી દેખે જાણે અને શ્રધ્ધે છે. નિશ્ચયથી પોતાને દેખે–જાણે શ્રધ્ધે છે, પરને જાણે છે, દેખે છે એમ સંબંધ બતાવવો તે વ્યવહાર છે.

પરસ્પર પર્યાયમાં નિમિત્તપણાનો વ્યવહાર છે પણ કોઈ બીજાના કાર્ય માટે કર્તા છે એમ નથી. દ્રવ્યમાં ગુણ ત્રિકાળ છે, કોઈ ગુણ પ્રગટ થતો નથી પણ તેની પર્યાય એક સમય પૂરતી નવી નવી પ્રગટ થાય છે. દ્રવ્ય સત્ ગુણ સત્ અને તેની દરેક પર્યાયો પણ સત્ છે, તેમાં સ્વ–સ્વામી અંશનો ભેદ પાડવો તે પણ વ્યવહાર છે, પણ તેનાથી શું સાધ્ય છે? પર અને ભેદના લક્ષે તો રાગની ઉત્પત્તિ થાય છે.

જેમ શ્રદ્ધા–દર્શન અને જ્ઞાનનું સ્વયંસિદ્ધપણું બતાવ્યું તેમ હવે ચારિત્રમાં પણ સમજવું. આત્મા જ્ઞાનદર્શન ચારિત્રસ્વભાવથી ભરેલો અને પુણ્ય પાપ, શરીર અને શરીરની ક્રિયા–તેના અભાવ સ્વભાવપણે છે. પર્યાયમાં રાગ દશા છે તેટલા અંશે પરદ્રવ્યના અવલંબનરૂપ રાગ આવે ખરો પણ આત્મા પરદ્રવ્ય સાથે તન્મય થતો નથી. પરનું ગ્રહણ ત્યાગ આત્મામાં નથી, આત્માને આધીન નથી. આત્મા, રાગાદિ, પુણ્ય પાપ તથા દેહની ક્રિયા થાય તેના અભાવ સ્વભાવપણે છે, અને અખંડ શ્રદ્ધા–જ્ઞાન–શાન્તિમય સમરસી આનંદથી ભરેલો છે. એમ અંતરંગમાં પ્રકાશમાન સ્વભાવ તરફ જોનાર નિશ્ચય નયથી આત્મા સ્વયં અપોહન સ્વરૂપ છે, રાગનો અને પરનો ત્યાગ કરનાર કહેવો, પરનું આચરણ કરનાર કહેવો તે તો આરોપથી (વ્યવહારથી) કથન માત્ર છે.

**"ભેદ જ્ઞાન સાબુ ભયો સમરસ નિર્મળ નીર,**

**ધોબી અંતર આતમા ધોવે નિજ ગુણ ચીર"**

સ્વસન્મુખતારૂપ ભેદવિજ્ઞાની આત્મા વીતરાગભાવે પરિણમતો પરદ્રવ્ય અને રાગાદિના અભાવ સ્વભાવે ઉપજે છે, તેને વ્યવહારથી ત્યાગ કરનારો કહેવાય છે. નિરાકૂળતારૂપ શાન્તિ ક્યાંથી આવે છે? ભેદવિજ્ઞાન પૂર્વક અંદર એકાગ્રતાથી પ્રગટે છે. બહારથી શાન્તિ નથી. કોઈ જીવ પરનું ગ્રહણ ત્યાગ તથા શરીરની ક્રિયા વ્યવહારથી પણ કરી શકતો નથી, પણ જ્ઞેયપણે નિમિત્તરૂપ થતી દેહની ક્રિયા અને રાગની ક્રિયાને તે રૂપે જાણવું તે વ્યવહાર છે. આત્માનો વ્યવહાર તેની પર્યાયમાં જ હોય ભિન્નવસ્તુમાં ન હોય.

પ્રશ્ન– ભગવાનની પૂજા ભક્તિ તથા નવધા ભક્તિ પૂર્વક મૂનિને આહારદાન દેવાનો શુભ ભાવ તે શું પર દ્રવ્યના આધાર વિના બનતો હશે?

સમાધાન–નિમિત્તની મુખ્યતાથી વ્યવહારના કથન થાય તેને એ જાતનો રાગ એ ભૂમિકાવાળાને આવે ખરો પણ નિમિત્તના લીધે જીવને રાગ થાય અને રાગના કારણે શરીરની ક્રિયા અને ધર્મ થાય એવું ત્રણ કાળમાં નથી.

આત્મા શરીર અને વાણીનો સ્વામી નથી. ધર્મીજીવ શુભ ઈચ્છાનો પણ સ્વામી નથી અને શરીરની ક્રિયા અસદ્ભૂત વ્યવહારનયથી પણ કરી શકતો નથી. માત્ર નિમિત્તનું જ્ઞાન કરાવવા તેવું કથન કરવાની રીત છે, તે ટાણે રાગને અને રાગના નિમિત્તને જ્ઞેયપણે જાણે છે એમ કહેવા જેટલો તેની સાથે વ્યવહાર સંબંધ છે. પણ તેથી કાંઈ રાગ અને દેહની ક્રિયારૂપે આત્મા પરિણમે છે એમ નથી. રાગનો ભાગ આસ્રવ તત્ત્વ છે તે રૂપે આત્મા થતો નથી. નગ્ન શરીરરૂપે તથા મુનિ અવસ્થામાં હોવા યોગ્ય ૨૮ મૂળ ગુણના રાગપણે આત્મા પરિણમતો નથી અર્થાત્ તેને પોતાના નિશ્ચય ચારિત્ર સ્વભાવમાં લાવતો નથી પણ તે કાળે પોતાના જ્ઞાન આનંદમય વીતરાગ સ્વભાવપણે ઉપજતો થકો આત્મા વ્યવહાર ત્યાગના વિકલ્પને જાણે છે એમ કહેવું તેટલો તે ભૂમિકાનો વ્યવહાર છે, બાકી પરમાર્થે આ આત્માને રાગનો ત્યાગ કરનાર કહેવો તે નામ માત્ર છે. આમ અસ્તિસ્વભાવથી સ્વતંત્રતા યથાર્થતા અને વીતરાગતા ગ્રહણ કરવાનું મહાવીરપ્રભુએ વીરશાસન જયંતિદિને ફરમાવ્યું છે

**કેવળજ્ઞાનના દિવ્યસંદેશા આપનાર, કેવળીના વિરહ ભૂલાવનાર સત્ દ્રષ્ટિવંત**

**શ્રી ગુરુદેવનો જય હો. જ્ઞાનામૃતદાતા વીરપુત્ર શ્રી સદ્ગુરુદેવનો જય હો.**

# દસલક્ષણ પર્વ સંબંધી
# બહારગામના ખાસ સમાચાર

વિદ્વાનો માટે આ પર્વ ઉપર બહાર ગામથી આમંત્રણ આવેલ તે મુજબ ૧૨ ગામમાં સોનગઢ દિ૦ જૈન મુમુક્ષુ મહામંડળના પ્રચાર વિભાગ તરફથી વિદ્વાનોને મોકલવામાં આવેલા, તેમાં જે ગામથી સમાચાર આવ્યા છે તેમાંથી જાણવા યોગ્ય હકીકત નીચે મુજબ છે.

(૧) ઇન્દૌરઃ– શ્રી ખીમચંદભાઈ જેઠાલાલ શેઠ માટે દિ૦ જૈન સમાજવતી ધર્મરત્ન શ્રીમંત શેઠ શ્રી રાજકુમારસિંહજી દ્વારા આમંત્રણ હતું. ભાદરવા સુદી ૪થી ૧૫ સુધી દિવસમાં ત્રણવાર વ્યાખ્યાનોમાં પૂ. ગુરુદેવ દ્વારા જૈનધર્મના સિદ્ધાંત અનુસાર તત્ત્વજ્ઞાનનો ઉપદેશ થઈ રહ્યો છે. તેનું સ્પષ્ટીકરણ તથા જિનેન્દ્રભગવાનની અષ્ટદ્રવ્યથી પૂજાનું પારમાર્થિક અર્થ સહિત સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું હતું ઈન્દૌરના સમસ્ત જૈનસમાજે ઘણો લાભ લીધો. આ સંબંધના સમાચારમાં શ્રી પ્રકાશચંદ્રજી પાંડયા લખે છે કે–

તા. ૧૪–૯–૬૨

ઈન્દૌરમાં પરમપુનીત દસ લક્ષણ પર્વમાં જૈન સમાજ ઈન્દૌર દ્વારા આમંત્રિત આધ્યાત્મિક પ્રખર જૈન વિદ્વાન પં. ખીમચંદભાઈ જે. શેઠ દ્વારા દસ દિવસ સુધી પ્રતિદિન સવારે, બપોરે, રાત્રે, સરલ, સરસ, નિર્ભિક તેમજ ઓજસ્વી પ્રવચનો થયાં, જેથી જૈન સમાજ તથા વિશેષપણે નવયુવક વર્ગ–અત્યાધિક પ્રભાવિત થયો. પંડિતજીએ ગલત માન્યતાઓનું સમાધાન કરીને વસ્તુતત્ત્વને અતિશય સ્પષ્ટ રૂપમાં સમજાવ્યું. પંડિતજીએ યથાર્થ શ્રદ્ધા, જિજ્ઞાસા તથા આચરણથી પોતાના આત્માને સર્વ પ્રથમ સમજવાની માર્મિક આપીલ કરી હતી. સભામાં હંમેશા ધર્મ જિજ્ઞાસુઓની બે હજાર આશરે સંખ્યા રહેતી હતી.

જૈન સમાજ ના માનનીય શ્રી મિશ્રિલાલ ગંગવાલ (મધ્ય પ્રદેશના વિત્તમંત્રી મહોદય) ના પ્રમુખપણામાં ધર્મસ્નેહ અને કૃતજ્ઞતાના પ્રતીકરૂપે પં. ખીમચંદભાઈ શેઠને સન્માનપત્ર અપૂર્વ વાતાવરણમાં સાદર સમર્પણ કરવામાં આવ્યું હતું.

આ અવસર પર જૈનરત્ન શેઠ શ્રી રાજકુમારસિંહજી વિદ્વદ્વર્ય પં. શ્રી નાથુલાલજી ન્યાયતીર્થ, શ્રી ઈન્દૌરીલાલ બડજાત્યા એડવોકેટ, શ્રી બાબૂલાલજી પાટૌદી (વિધાનસભા સદસ્ય) આદિ વિદ્વાનો દ્વારા અદ્‌ભૂત ભાષણ થયા. જેમાં શ્રી ખીમચંદભાઈ શેઠનું ઉદાત્ત ચારિત્ર, પ્રજ્ઞા, વિચિક્ષણતા, ઉત્તમ પ્રતિભા તથા અધ્યાત્મશાસ્ત્રની ગંભીર વિવેચના–સરલ અને બોધપૂર્ણ પદ્ધતિથી વ્યક્ત કરવાની અપરિમેય શક્તિની પ્રશંસા કરવામાં આવી હતી. આબાલ, યુવક, વૃદ્ધો તથા સંસ્થાઓ તરફથી પંડિતજીનું સ્વાગત કરીને તેમના માધ્યમથી સમાજે સદ્‌ગુરુદેવ પરમ પૂજ્ય શ્રી કાનજીસ્વામી પ્રત્યે પોતાની શ્રદ્ધાનાં પુષ્પ સમર્પણ કર્યાં હતાં. પંડિતજીનાં પ્રવચનોએ ખાસ કરીને શિક્ષિત વર્ગ અને નવયુવકવર્ગને અતિશય પ્રભાવિત કરેલ છે. તથા તેઓની જિજ્ઞાસા તથા આસ્થાને સ્થિર અને પ્રબળ કરેલ છે.

લી.
પ્રકાશચંદ્ર પાંડયા
મંત્રી
શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળ, ગોરાકુંડ, ઈન્દોર

(૨) દિલ્હી–શ્રી દિ. જૈન નયા મંદિર ૨૫૧૫, ૧ ધર્મપુરા શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળ દ્વારા ખાસ આમંત્રણથી શ્રી બાબુલાલ ચુનીલાલ મહેતા (ફતેપુરવાળા) ને મોકલવામાં આવ્યા હતા. દસ લક્ષણ પર્વમાં કરૌલબાગ, પહાડીધીરજ, પહાડગંજ, વૈદવાડા જિનમંદિરમાં કાર્યક્રમ હતો. તથાભારત જૈન મહામંડલ તરફથી વિશ્વ મૈત્રી દિવસ–ક્ષમાયાચના પર્વ તા. ૧૬–૯–૬૨ની વિરાટ સભામાં સર્વ પ્રથમ પ્રવચન શ્રી બાબુભાઇનું હતું. પરમ ઉપકારી પૂ. ગુરુદેવે જૈન ધર્મનો પ્રકાશ ફેલાવ્યો છે તેની મહાનતા શ્રી બાબુભાઈ દ્વારા

બતાવીને તેનું અતિશય સ્પષ્ટ સુંદર પ્રતિપાદન કરીને દિલ્હી જૈન સમાજને અતિશય આનંદ અને ધર્મ વાત્સલ્યનું આપ કારણ બન્યા છો. શ્રી બાબુભાઈએ રાત્રિ દિવસ ૮ થી ૧૦ કલાક પ્રવચન, શંકા સમાધાન, જિનેન્દ્ર ભગવાનની પૂજા, ભક્તિ વગેરે દ્વારા સતત્ પોતાની અસાધારણ નમ્રતા, ધીરજ સહિત વિદ્વતાનો લાભ આપ્યો છે.

વૈદવાડા ખંડેલવાલ દિ. જૈન મંદિર પંચાયત તરફથી આપને સન્માન પત્ર દેવામાં આવેલ છે. દિલ્હીથી મુમુક્ષુ મંડળના પ્રમુખ શ્રી સુરેન્દ્રકુમારજી તથા મંત્રી શ્રી શ્રીપાળજી દ્વારા આવેલ સમાચાર ઘણા વિસ્તારથી છે પણ તેને અહીં ટુંકાવવામાં આવ્યા છે તેનો સાર એ છે કે–

પરમ ઉપકારી પૂ. ગુરુદેવે બધાને જ્ઞાની બનાવી દીધા છે. કોઈ પણ કોઈથી કમ નથી. અપૂર્વ જ્ઞાનનો ભંડાર ખોલી દીધો છે. તમામ જૈન સમાજ સોનગઢની પ્રશંસા કરે છે અને ઈર્ષા વશ ગલત પ્રચાર કરી ગલત ફહમી ફેલાવનારની વાતો જૂઠી સાબીત થઈ ગઈ છે. ભૂલથી નિંદા કર્યાનો પશ્ચાતાપ પણ કેટલાકો કરતા હતા.

આશરે ૪૦૦ ઉપરાન્ત ભાઈઓ ૧૦ મૈલ દૂર સાંભળવા આવતા અને રાત્રે ૧૧ વાગ્યે ઘેર પહોંચતા હતા. આ યુગમાં સત્પુરુષ નિમિત્તથી અમને અપૂર્વ વસ્તુ સાંભળવાનો અવસર મળ્યો તે અમારૂં મહાન ભાગ્ય છે. જે અમને પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ સંભળાવ્યું છે તે ચીજ તમામ જનતા પ્રસન્નચિત્તથી જરાય ઘોંઘાટ કર્યા વિના સાંભળતા હતા. સભામાં સંખ્યા ૫૦૦, ૭૦૦, ૮૦૦ સુધી અને બાબુભાઈ જ્યારે ભક્તિ કરાવતા હતા ત્યારે ૧૦૦૦, સંખ્યા થતી હતી.

પ્રવચન બહુ જ સુંદર પદ્ધતિથી મનોહર ઢંગથી થતું હતું. પ્રભુના દર્શન કઈ રીતે કરવા જોઈએ. ભક્તિ, સામાયિક, ઉપવાસ, વ્રત સોલહ કારણ ભાવના તથા પૂજા કોને કહેવાય. ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મમાં નિશ્ચય–વ્યવહાર શું? તથા તત્ત્વાર્થ સૂત્રના દિવ્ય વિવેચન દ્વારા જૈન ધર્મનું અપૂર્વ મહત્વ હૃદયથી ઓતપ્રોત થઈને સમજાવતા હતા. આજથી જ લોકો વારંવાર પ્રાર્થના કરે છે કે આવતી સાલ માટે પધારવાની કૃપા કરે અને પૂ. કાનજીસ્વામીની જન્મ જયંતિ અવસર ઉપર ખુદ સ્વામીજી દિલ્હી પધારે એમ વિનંતી કરેલ છે. ( શ્રીપાલ જૈન મંત્રીથી )

( ૩ ) મુંબઈ ( ઘાટકોપર ) દિ. જૈન મુમુક્ષુ મંડળના આમંત્રણથી શ્રી પ્રાણલાલ શાહ ત્યા નવ દિવસ રહી દિવસમાં ત્રણ વખત પૂજ્ય ગુરુદેવનો પરમ ઉપકાર પ્રકાશિત કરવા ઉપરાન્ત શ્રી સમયસારજી કર્તાકર્મ અધિકાર, પંચાસ્તિકાય તથા મોક્ષમાર્ગ પ્રકાશક ઉપર વ્યાખ્યાને કર્યા હતા. સભામાં ૫૦૦ સુધી સંખ્યા થતી, શ્રી નેમિનાથ ભગવાનની રથયાત્રા, અભિષેક, પૂજન વગેરે કાર્યક્રમમાં જૈન સમાજે ઘણો જ ઉત્સાહ ભર્યો ભાગ લીધો, પૂજ્ય ગુરુદેવના પૂનિત પ્રતાપે આ મંડળ આગળ વધી શકશે એમ સર્વ કાર્યકર્તાના ઉલ્લાસ ઉપરથી જણાઈ આવે છે શ્રી પ્રાણલાલભાઈએ અમદાવાદથી અત્રે પધારીને જે મહા અમૂલ્ય લાભ આપ્યો છે તે બદલ ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુ મંડળ ઘણો આભાર માને છે. સવારે બપોરે અને રાત્રે ત્રણ વખત પ્રવચનો આપીને સર્વજ્ઞ ભગવાનના સિદ્ધાંતો સમજાવવામાં સંપૂર્ણ સફળ થયા છે. તેઓશ્રીના અત્રે વસવાટ દરમ્યાન ઠેરઠેર ભક્તજનો તત્ત્વજ્ઞાનની વાર્તામાં મશગુલ બન્યા હતા, તે પણ તેઓશ્રીના માર્મિક તેમ જ સચોટ પ્રવચનોને આભારી છે. ભાઈશ્રી પ્રાણલાલભાઈ ભવિષ્યમાં પણ આવો જ સુંદર સહકાર આપતા રહેશે. એવી અભ્યર્થના લી. ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુ મંડળ મુંબઈ–હા–રસીકલાલ માનદ મંત્રી.

( ૪ ) ખંડવા ( મ. પ. ) :– દિ. જૈન મુમુક્ષુ મંડળના આમંત્રણથી બુલંદ શહેરવાળા શ્રી કૈલાસચંદજીને મોકલવામાં આવ્યા હતા. લખે છે કે '૧૫ દિવસ સુધી અત્યંત ઉત્સાહથી લગભગ ૧૦ કલાક સુધી હંમેશા દ્રવ્ય–ગુણ–પર્યાય જૈન સિદ્ધાંત પ્રવેશિકામાંથી ચાર અભાવ, પાંચ ભાવ, સાત તત્ત્વ નિમિત્ત–નૈમિત્તિક સંબંધના વિષય ઉપર બહુ જ સરલ, સ્પષ્ટ અને પ્રભાવપૂર્ણ પ્રવચન કર્યું. સાથે જૈન શિક્ષણ વર્ગ ચલાવી અપૂર્વ જાગૃતિ પેદા કરી છે. હાઈસ્કૂલમાં પણ એક દિવસ જાહેર પ્રવચન તથા એક કલાક શંકા સમાધાનનો કાર્યક્રમ રાખ્યો હતો.

શ્રીયુત પંડિતજીનો અથાક્ પરિશ્રમ જોઈને સમાજને આશ્ચર્ય ચકિત થઈ જવું પડતું. તેમના પરિશ્રમની અમે જેટલી પ્રશંસા કરીએ એટલી થોડી છે. પં. જીની પ્રવચન શૈલી ઘણી ઉત્તમ છે. ગૂઢથી ગૂઢ વિષયોને પણ ખુબ સરલ શૈલિથી સમજાવતા હતા. પં. જી દ્વારા સમાજને વિશેષ ધર્મલાભ થયો છે તે માટે સમાજ અત્યંત આભારી છે. ફરી વારંવાર અમારે ત્યાં આપને ત્યાંથી વિદ્વાન પધારશે તો સમાજમાં ધર્મ પ્રત્યે વિશેષ રુચિ, ઉત્સાહ તથા સાચી જાગૃતિ થશે.

( ૫ ) દાહોદઃ– દિ૦ જૈન મુમુક્ષુ મંડળના આમંત્રણથી શ્રી ચંદુલાલ શીવલાલ સંઘવીને મોકલવામાં આવ્યા હતા. ધર્મ જિજ્ઞાસુ ભાઈઓની સંખ્યા ઘણી મોટી છે. અહીં અભ્યાસી વર્ગ વિશેષ છે. શ્રી ચંદુલાલભાઈએ વિદ્વતા દ્વારા પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવના અપૂર્વ તત્ત્વજ્ઞાન–પ્રસાદીનો લાભ આપ્યો હતો. આત્માર્થિને યોગ્ય વ્યાખ્યાન શૈલિ હતી, ઉપરાંત જૈન શિક્ષણ વર્ગ ચાલુ કરેલ તેમાં ૬૦ ભાઈ બહેનો લાભ લેતા હતા. ધર્મપ્રભાવનામાં વૃદ્ધિ કરનારો સરસ કાર્યક્રમ હતો. શ્રી ચંદુભાઈ પ્રત્યે ખુબ ખુબ પ્રસન્નતા દર્શક પત્ર શ્રી સુમતિલાલ તરફથી આવેલ છે.

( ૬ ) અમદાવાદ શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળ, ગાંધી રોડ–પતાસાની પોળ, મહાદેવ ખાંચો,

તા. ૧૮–૯–૬૨

પ્રમુખ શ્રી દિ. જૈન મુમુક્ષુ મહામંડળ સોનગઢ સવિનય લખવાનું જે અમારી વિનંતીનો સ્વીકાર કરી અત્રે વાંચન માટે ભાઈ શ્રી છોટાલાલ રાયચંદભાઈને મોકલવામાં આવેલા તે બદલ આભાર.

તેઓશ્રીના આવવાથી અમારા માટે ઘણો જ ગૌરવનો પ્રસંગ બની ગયો છે. કારણકે તેઓશ્રીની પ્રવચન શૈલી ઘણા જ ગંભીર ભાવોથી ભરેલી તથા આકર્ષક હોવાથી મંડળ ઉપરાંત અન્ય લોકો સાંભળીને ઘણા જ પ્રસન્ન થતા હતા. મંડળના દરેક ભાઈ બહેનોને તો તેઓશ્રીના તેર દીવસના વસવાટ દરમ્યાન કોઈ ઉત્સવ ઉજવાતો હોય તેટલો હર્ષ હતો. તેઓશ્રીની તત્ત્વ નિરૂપણ કરવાની શક્તિ તેમજ અસ્તિથી સ્થાપન કરવાની પદ્ધતિ સાંભળીને દરેક ઘણા જ ખુશ થતા હતા. પ્રશ્નોત્તર પણ ઘણા જ થતાં હતાં, જવાબથી દરેકને સંતોષકારક સમાધાન થયું હતું. તેઓશ્રીના તેર દીવસના વસવાટ દરમ્યાન નીચે મુજબ પ્રોગ્રામ રાખવામાં આવેલ હતા.

દરરોજ સવારના ૮ાા થી ૯ાા સમયસારજીની છઠ્ઠી ગાથા ઉપર પ્રવચન, હંસરાજ, પ્રાગજી હોલ, પાનકોર નાકા, રાત્રે ૮ાા થી ૯ાા મોક્ષમાર્ગ પ્રકાશકમાંથી સમ્યક્ત્વ સન્મુખ મિથ્યાદ્રષ્ટિનું સ્વરૂપ ઉપર પ્રવચન. ખાડીઆ, અમૃતલાલની પોળમાં, સ્થાનીક દિગમ્બર ધર્મશાળા, સવારના વાંચનમાં સંખ્યા ૩૦૦ થી ૩૫૦ રાત્રે ૨૦૦ થી ૨૫૦ સ્થાનીક પેપરોમાં પણ જાહેરાત આપવામાં આવેલ હતી.

તેઓશ્રી મહામંડળની આજ્ઞા અનુસાર ખાસ વાંચન માટે અત્રે પધારીને મુમુક્ષુ ભાઈ બહેનોને મહા અમૂલ્ય લાભ આપ્યો છે, તે બદલ તેઓશ્રીનો તથા મહામંડળનો અમો સર્વે હાર્દિક આભાર માનીએ છીએ, તેમજ વારંવાર અમોને લાભ મળે એવી આશા રાખીએ છીએ. પૂજ્ય ગુરુદેવશ્રીની છત્રછાયાં નીચે વિશેષ વિશેષ પ્રભાવનાના કાર્યો બનતા રહે એવી અમો આશા રાખીએ છીએ. એજ. પૂજ્ય ગુરુદેવશ્રી સુખશાંતિમાં બિરાજતા હશે

લી. શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ વતી,
ચુનીલાલ જીવણલાલ દોસી.
માનદ મંત્રી.

( ૭ ) સાગરઃ– પં. જી શ્રી ગેંદાલાલજી શાસ્ત્રી, બુંદીવાળા માટે સાગર દિ૦ જૈનસમાજ, ચૌધરનબાઈ દિ. જૈનમંદિર પંચાયત સંઘ તરફથી આમંત્રણ હોવાથી મોકલવામાં આવ્યા હતા. ત્યાં તેમની અસાધારણ, ઉત્તમ વિદ્વતા દ્વારા અતિસુંદર ધર્મ પ્રભાવના થયાના સમાચાર છે. હમેશાં ત્રણ કલાક તત્વાર્થસૂત્રજી તથા દસલક્ષણધર્મ ઉપર પ્રવચનોથી સમાજને અપૂર્વલાભ થયો. શંકા સમાધાનની શૈલી ઉત્તમ છે.

( ૮ ) કલકત્તાઃ– દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળના આમંત્રણથી બનારસથી પં. ફુલચંદજી શાસ્ત્રી દ્વારા ૧૫ દિવસ પ્રવચનો થયાં. તેમના જૈન સમાજના અગ્રણી પંડિત તરીકે,

કરણાનુયોગ શાસ્ત્ર ધવળ જયધવળ શાસ્ત્ર તથા પંચાધ્યાયી તત્ત્વાર્થ સૂત્ર, સર્વાર્થ સિદ્ધિ ટીકા, આલાપ પદ્ધતિ જૈન તત્ત્વ મીમાંસા આદિ અનેક ગ્રંથોના સફળ સંપાદક તરીકે તેમનું સ્થાન અજોડ છે. પૂ. ગુરુદેવ સમયસારજી આદિ શાસ્ત્રોમાંથી અનુભવપૂર્ણ મોક્ષમાર્ગનો જે પ્રકાશ પ્રગટ કરી રહ્યા છે તેને શાસ્ત્રાધાર સહિત પં. જી સ્પષ્ટ કરીને સમાજ સામે સુંદર ઢંગથી રજુ કરે છે. તેમની પ્રવચન શક્તિ ઘણી પ્રશસ્ત છે.

(૯) ચોટીલાઃ- (સૌરાષ્ટ્ર) દિ. જૈન સંઘના આમંત્રણથી પ્રચાર વિભાગ, દિ. જૈન મુમુક્ષુ મહામંડળ, સોનગઢ, ઉપર પૂ. ગુરુદેવના પ્રવચનો માટે શ્રી મધુકરજીને મોકલવાની માગણી હતી. ત્યાં ૭ દિવસ માટે મધુકરજીએ દિગમ્બર જૈન મંદિરમાં ટેપરીલ મશીન દ્વારા પૂજ્ય ગુરુદેવના પ્રવચનો, ભક્તિ વગેરે કાર્યક્રમ રાખેલ, ધર્મપ્રભાવના સારી રીતે થયેલ. મધુકરજી અંકલેશ્વરથી ચોટીલા થઈ પ્રતાપગઢ ગયા હતા.

(૧૦) પ્રતાપગઢ (રાજસ્થાન) : દિ. જૈન સમાજ તરફથી પૂજ્ય ગુરુદેવના પ્રવચનો માટે મધુકરજીને મોકલવાનું આમંત્રણ હોવાથી ૧૦ લક્ષણ પર્વ ઉપર ત્યાં સુંદર કાર્યક્રમ હતો. સવાર સાંજ બે વખત ટેપરેકર્ડીંગ તથા સાંજે એક કલાક ભક્તિનો પ્રોગ્રામ હતો. જૈન સમાજનો ખાસ પ્રેમ ભર્યો આગ્રહ હોવાથી તા. ૧૭-૯-૬૨ સુધી રોકી રાખેલ-ત્યાંથી નારાયણગઢ, કુશળગઢ, લશ્કર-ગ્વાલીઅર ભીન્ડ, ભોપાલ, સીલવાની, ગંજ બાંસૌદા, જયપુર સુધીનો પ્રોગ્રામ છે.

(૧૧) ભોપાળઃ- (મ.પ્ર.) ભોપાળ, તા. ૧૯-૯-૬૨ મુમુક્ષુ મંડળ ભોપાળના હાર્દિક આમંત્રણનો સ્વિકાર કરી, શ્રી પંડિત ખીમચંદભાઈ શેઠ ઈન્દૌર ઉજ્જૈન થઈ સોમવારે ભોપાળ આવ્યા. સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા સ્ટેશન ઉપર ભારી સંખ્યામાં હાજર રહીને એમનું અપૂર્વ ઉત્સાહ સહિત સ્વાગત કર્યું. જૈન તત્ત્વોના વિશેષ મર્મજ્ઞ આદરણીય શ્રી ખીમચંદભાઈ દ્વારા દિ. જૈન મંદિર ચોકમાં તા. ૧૭-૧૮ સપ્ટેંબર, સોમવાર તથા મંગળવાર બે દિવસ મહત્ત્વપૂર્ણ પ્રવચન થયા. રોજ બે વખત, સવારે ૮ થી ૯ બપોરે ૨ થી ૩ તથા રાત્રે ૯ થી ૧૦ આ ટાઈમ ઉપર વિશેષ પણે ઉપરોક્ત પ્રવચન સાંભળવા માટે બહારથી આવેલા મુમુક્ષુ ભાઈઓ તથા સ્થાનીક જૈન સમાજે હજારોની સંખ્યામાં હાજર રહીને આ આધ્યાત્મિક પ્રવચનો અત્યંત રુચિપૂર્વક સાંભળ્યા. મોટા ભાગના શ્રોતાઓનું કહેવું હતું કે અમારા જીવનમાં અધ્યાત્મ જેવા ગંભિર વિષય પર આટલું....સરસ, મધુર અને પ્રભાવશાળી વિવેચન સાંભળવાનો આ પ્રથમ જ અવસર હતો." શ્રી પં.જી ના વિશુદ્ધ તાત્ત્વિક પ્રવચનોના પરિણામ સ્વરૂપ સમાજનું વાતાવરણ અધ્યાત્મ રસમય બની ચૂકયુ હતું.

નિશ્ચય-વ્યવહાર, નિમિત્ત-ઉપાદાન ક્રમબદ્ધ પર્યાય, સમ્યક્ પુરુષાર્થ આદિ મહાન ઉપયોગી સિદ્ધાંતો ઉપર આપે સરલતમ દૃષ્ટાંતો દ્વારા એટલો સુંદર પ્રકાશ પાડયો કે જેનાથી કેવળ શ્રોતાઓની ભ્રાન્તિ દૂર થઈ એટલું જ નહીં પણ ઉપરાન્ત તેમને અપૂર્વ શાન્તિ અને આનંદનો અનુભવ થયો. તા. ૧૮-૯-૬૨ બપોરે ૪ થી ૪ાા દિ. જૈન મંદિર, આપનું પ્રવચન થયું, તથા પાંચ માઈલ દૂર હેવી ઈલેકટ્રીકલ્સ પિપલાનીના ભાઈઓ દ્વારા આગ્રહ હોવાથી રાત્રે ૭ થી ૮ સુધી ત્યાં પ્રવચન થયું, જેમાં ઘણી મોટી સંખ્યામાં જિજ્ઞાસુઓએ લાભ લીધો તથા મધ્યપ્રદેશના વિત્ત મંત્રી માનનીય શ્રી મીશ્રીલાલજી ગંગવાલ પણ આ અવસર ઉપર ખાસ પધાર્યા હતા. રાત્રે શાસ્ત્રપ્રવચન પછી દિ૦ જૈન ધર્મશાળામાં વિશાળ જનસમુદાયની હાજરીમાં દિ૦ જૈન સમાજ તરફથી આપનું શાનદાર સ્વાગત કર્યું, તથા આપની સેવામાં સન્માનપત્ર (અભિનંદન પત્ર) ભેટ કર્યું.

આ અવસર પર સર્વ પ્રથમ શ્રી કેવળચંદજી ગુનાવાળા દ્વારા એક આધ્યાત્મિક પદ સંભળાવવામાં આવ્યું હતું. શ્રી રાજમલજી પવૈયાએ પણ પૂ. કાનજીસ્વામી તથા શ્રી પં. જી પ્રત્યે પોતાના ભાવપૂર્ણ ઉદ્ગાર વ્યક્ત કર્યા હતા. પછી શ્રી બાબુલાલ બજાજ દ્વારા કવિતા પાઠ કરવામાં આવેલ. શ્રી સૂરજમલજી જૈન અભિનંદન પત્ર વાંચી સંભળાવ્યું તથા સમાજના વયોવૃદ્ધ પ્રતિષ્ઠિત વ્યક્તિ શ્રી સિંઘઈ હજારીલાલજી બહાદુર દ્વારા શ્રીમાન પં. જીને આ અભિનંદન પત્ર ભેટ કરવામાં આવ્યું હતું.

આપના પ્રત્યે પ્રદર્શિત ઉક્ત સન્માનના ઉત્તરમાં શ્રી ખીમચંદભાઈએ કહ્યું કે "વાસ્તવમાં હું મને પોતાને આ અભિનંદનને યોગ્ય સમજતો નથી. જ્યારે મને અભિનંદન પત્ર સ્વીકારવાનો પણ રાગ ન હોય અર્થાત્ પૂર્ણ વીતરાગી બનું ત્યારે જ હું આ અભિનંદનને યોગ્ય બની શકીશ. આપે અંતમાં કહ્યું કે આપ ભાઈઓએ જે ધર્મ પ્રત્યે રુચિ પ્રગટ કરી છે અને હાર્દિક સ્નેહ મને પ્રદાન કર્યો છે, તેને માટે હું આપ સૌનો આભારી છું. અંતમાં શ્રી સૂરજમલજી દ્વારા આદરણીય પં. જી તથા ઉપસ્થિત શ્રોતાઓ પ્રત્યે આભાર વ્યક્ત કરતા થકા, કાર્યક્રમ સમાપ્ત કરવામાં આવ્યો.

તા. ૧૯—૬૨ ભવદીય

રાજમલ જૈન

મંત્રી, દિ૦ જૈન મુમુક્ષુ મંડળ,

ભોપાળ

(૧૨) ઉજ્જૈન (મ. પ.) **શ્રી દિ જૈન મુમુક્ષુ મંડળ તરફથી શ્રી ચાંદમલજી ગાંધીનો પત્રઃ-** શ્રી સોનગઢ નિવાસી, સત્ધર્મ-પ્રેમી શેઠ ખીમચંદભાઈ અમારા મંડળના નિવેદનથી બે દિવસ માટે તા. ૧૪-૯-૬૨ ઉજ્જૈન પધાર્યા, વિનોદ ભવનના ગેસ્ટ હાઉસમાં જૈન સમાજના પ્રમુખ વ્યક્તિઓ તથા મુમુક્ષુ મંડળ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. તા. ૧૫-૯-૬૨ સવારે નમકમંડી જિનમંદિરમાં તથા બપોરે સ્વાધ્યાય મંદિર, રાત્રે ઉપરોક્ત મંદિરજીમાં પ્રવચન થયાં. જનતા તેઓના પ્રવચનોથી અત્યધિક આકર્ષિત થઈ. પંચાયતના જૈન ભાઈઓ સહુ પોતપોતાના મંદિરજીમાં પ્રવચનો માટે માંગણી કરવા લાગ્યા, પણ સમયનો અભાવ હોવાથી બધાયની માંગ પૂર્ણ કરવી અશક્ય હતું. તો પણ બીજે દિવસે પાંચ સ્થળે પાંચ પ્રવચનની વ્યવસ્થા કરી. જનતામાં જેઓએ એકવાર પ્રવચન સાંભળ્યું તેઓ ફરીને પણ જે સ્થાન પર પ્રવચનને માટે નક્કી કરેલ ત્યાં જઈને ઘણી ઉત્સુકતાથી સાંભળતા હતા. આ પ્રકારે જનતા બહુ જ પ્રભાવિત હતી.

રાત્રે સ્વાધ્યાય મંદિરમાં શેઠ શ્રી ખીમચંદભાઈના સન્માનમાં જૈન સમાજ તથા મુમુક્ષુ મંડળ તરફથી અભિનંદનપત્ર ચાંદીના કાસ્કેટમાં ભેટ કરવામાં આવ્યું. ઉક્ત વિધિ શેઠ શ્રી રાજકુમારસિંહજી-ઈન્દૌરના સુપુત્ર શ્રી જંબુકુમારસિંહજીના પ્રમુખપણામાં સંપન્ન થઈ.

આ અવસર પર ઈન્દૌર, ભોપાળ, બડનગર આદિથી મુમુક્ષુ ભાઈઓ પધાર્યા હતા. અપૂર્વ ધર્મ પ્રભાવના થઈ. અંતમાં શેઠ શ્રી ખીમચંદભાઈ સન્મુખ સમસ્ત જૈન સમાજે નિવેદન કર્યું કે-આવતી સાલના પર્યુષણ પર્વ ઉપર આ આધ્યાત્મિક પ્રવચનોનો લાભ દેવા અવશ્ય પધારશો

લી. ચાંદમલ ગાંધી ઉજ્જૈન

(૧૩) ગુના (મ. પ્ર) દિ. જૈન મુમુક્ષુ મંડળના મંત્રી શ્રી કેવળચંદ્રજી પંડયા જણાવે છે કે અમારા નિમંત્રણનો સ્વિકાર કરીને અધ્યાત્મજ્ઞાન પ્રસારક શ્રી ખીમચંદભાઈ શેઠ ગુના પધાર્યા, તેમને અહીં જૈન સમાજ તથા જૈનવીર દળ દ્વારા ગાર્ડ ઓફ ઓનર (સલામી) દઈને પછી બેન્ડબાજા સાથે વિશાળ જન સમૂહ પ્રોસેસન જિનમંદિર જવા રવાના થયા, માર્ગમાં અનેક જૈનબંધુઓ પોતાની દુકાન સમક્ષ ફુલહારદ્વારા સ્વાગત કર્યું. પૂજ્ય ગુરુદેવના જયકાર સહિત ૧૦ા કલાકે પ્રોસેસન શ્રી દિ. જૈન મંદિર તથા પ્રવચન સ્થળે પહોંચી ત્યાં માંગલીક શરૂ કર્યું હતું.

અહીં બે દિવસ સુધી ભરપુર કાર્યક્રમ રહ્યો. જેમાં તેઓ શ્રીએ સરલ મધુરવાણીથી શ્રી નિર્ગ્રંથ જૈન મુનિઓનું સ્વરૂપ નિશ્ચય વ્યવહાર શ્રી સમયસાર ઉપર વિસ્તારથી ધાર્મિક પ્રવચન તથા જિનેન્દ્ર ભગવાનના પૂજનમાં આઠદ્રવ્યથી પૂજાના પારમાર્થિક અર્થ કર્યા, જેથી જૈન સમાજ અને અજૈન બંધુ વર્ગે ખુબ પ્રસન્નતા બતાવી આ પ્રભાવનાથી પ્રેરિત થઈને જૈન સમાજે આપને અભિનંદન પત્ર દઈને આપનું સ્વાગત કર્યું. આ અવસર પર અશોકનગર, કોટા, રાધૌગઢ, આરૌન, કુંભરાજ, મ્યાના આદિથી અનેક ધર્મજિજ્ઞાસુભાઈઓ પધાર્યા હતાં.

# હિન્દીભાષી યાત્રિકોની ધર્મશાળા માટે આવેલ રકમોની યાદી

| | | |
|---|---|---|
| ૧૬૭૮૪-૦૦ | અંક નંબર ૨૨૭ મા જણાવ્યા મુજબ | |
| ૧૦૦૧-૦૦ | સૌ. ગુણમાળાદેવી ધર્મપત્ની વીરકુમાર જૈન | દિલ્હી |
| ૫૦૦૧-૦૦ | શ્રી નવનીતભાઈ સી. ઝવેરી | મુંબઈ |
| ૫૦૧-૦૦ | સૌ. વિમળાબેન જીવણલાલ કાપડિયા | સુરત |
| ૧૦૦૧-૦૦ | શ્રી પુનમચંદ મલુકચંદ શાહ | અમદાવાદ |
| ૧૦૦૧-૦૦ | સૌ. શકુન્તલાબેન ધર્મ પત્ની દરબારીલાલ | દિલ્હી |
| ૧૦૦૧-૦૦ | શ્રી જેઠાલાલ સંઘજીભાઈ | બોટાદ |
| ૫૦૧-૦૦ | સૌ. જ્ઞાનમતિજી અજીતપ્રસાદ | દિલ્હી |
| ૧૫૧-૦૦ | શ્રી છોટાલાલ મોહનલાલ | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | ડાૅ. નવરંગભાઈ મોદી | રાજકોટ |
| ૫૧-૦૦ | શ્રી કપુરચંદ સુખલાલ કોઠારી | નંદરબાર |
| ૧૦૧-૦૦ | શ્રી રસીકલાલ વીકમશી સંઘવી | કલકત્તા |
| ૧૦૧-૦૦ | શ્રી જ્ઞાનચંદજીના માતુશ્રી કસ્તુરબાઈ | કોટા |
| ૧૦૧-૦૦ | શ્રી રસીકલાલ ત્રંબકલાલ મહેતા | રાજકોટ |
| ૫૧-૦૦ | સૌ. સુમતિબેન કાંશલીવાલ | ઈન્દૌર |
| ૧૦૧-૦૦ | શ્રી મગનલાલ ચંદ્રસેન બંડી | ઊદેપુર |
| ૧૦૧-૦૦ | શ્રી માણેકલાલ કરતુરચંદ તળાટી | મુંબઈ |
| ૧૦૦૧-૦૦ | શ્રીમતીજી કાન્તાદેવી ધર્મ પત્ની હેમચંદજી જૈન | દિલ્હી |
| ૧૦૧-૦૦ | શ્રી કાન્તીલાલ ગીરધરલાલ | સોનગઢ |
| ૫૧-૦૦ | શ્રી ચંદુલાલ વીકમશી સંઘવી | કલકત્તા |
| ૧૦૦૧-૦૦ | શ્રી શેઠ ભગવાનદાસ સોભાલાલ | સાગર |
| ૧૫૧-૦૦ | શ્રી કપૂરચંદજી જૈન જયપુરવાળા | જયપુર |
| ૧૦૦૧-૦૦ | શ્રી શેઠશ્રી નાનાલાલ કાળીદાસ જસાણી | રાજકોટ |
| ૧૦૦૧-૦૦ | શેઠ શ્રી મોહનલાલ કાળીદાસ જસાણી | રાજકોટ |
| ૨૫-૦૦ | સૌ. નર્મદાબેન | અમદાવાદ |
| ૩૨૯૮૩-૦૦ | | |

| | | |
|---|---|---|
| | **કાયમી પૂજા** | |
| ૨૦૧-૦૦ | દલીચંદ નાગરદાસ ગોસળિયા | મુંબઇ |
| | **પુસ્તક મદદ ખાતે–** | |
| ૧૦૦૧-૦૦ | પુનમચંદ મલુકચંદ જોબાળીયા | અમદાવાદ |
| ૨૦૧-૦૦ | એક સદ્‌ગૃહસ્થ તરફથી હા. બેનશ્રીબેન | |
| ૧૦૧-૦૦ | ન્યાલચંદ કુબેરદાસ | ધ્રાંગધ્રા |
| ૧૦૧-૦૦ | રસીકલાલ વીકમચંદ | કલકત્તા |
| ૫૧-૦૦ | ધીરજલાલ ભાઇચંદ દેસાઇ | મુંબઇ |
| ૧૦૦-૦૦ | પરચુરણ | |
| ૫૦-૦૦ | રતિલાલ ચતુરભાઇ અજમેરા | મુંબઇ |
| ૧૬૨૫-૦૦ | | |
| | **જ્ઞાન ખાતામાં** | |
| ૫૧-૦૦ | શ્રી જેઠાલાલ સંઘજીભાઇ | બોટાદ |
| ૧૦૧-૦૦ | નેમીચંદજી પાટની | આગ્રા. |
| ૨૫૧-૦૦ | શેઠ ભગવાનલાલ સોભાલાલ | સાગર. |
| ૫૧-૦૦ | શ્રી મોહનલાલ વાઘજીભાઇ | કરાંચીવાળા |
| ૫-૦૦ | સવાઇચંદજી પાનવાલા | ગંજબાસોદા. |
| ૫૧-૦૦ | ઈન્દુમતી રસીકલાલ કસ્તુરચંદ | મુંબઈ |
| ૫૫૬ | | |
| ૧૬૨-૦૦ | પરચુરણ રકમો | |
| ૭૧૮-૦૦ | | |
| | **આત્મધર્મ પ્રભાવનાખાતે** | |
| ૨૫૧-૦૦ | નવનીતલાલભાઇ સી. ઝવેરી | મુંબઇ |

# સં. ૨૦૧૮ના ભાદરવા સુદ ૨ના રોજ તીથી નોંધાણી તેની યાદી.

| | | |
|---|---|---|
| ૫૦૫ ) | નવનીતલાલ ચુનીલાલ ઝવેરી | ૫ |
| ૩૦૩ ) | જસાણી નાનાલાલ કાળીદાસ | ૩ |
| ૩૦૩ ) | " મોહનલાલ કાળીદાસ | ૩ |
| ૨૦૨ ) | શેઠ ખીમચંદ જેઠાલાલ | ૨ |
| ૧૦૧ ) | દોશી સુમનભાઈ રામજીભાઈ | ૧ |
| ૧૦૧ ) | ચુનીલાલ હઠીચંદ | ૧ |
| ૧૦૧ ) | શેઠ નાનચંદ ભગવાનજી | ૧ |
| ૧૦૧ ) | " વચ્છરાજ ગુલાબચંદ | ૧ |
| ૧૦૧ ) | " કેવલચંદ કાનજીભાઈ | ૧ |
| ૧૦૧ ) | દોશી શાંતિલાલ ખીમચંદ | ૧ |
| ૧૦૧ ) | શેઠ અમુલખ લાલચંદ | ૧ |
| ૧૦૧ ) | " મલુકચંદ છોટાલાલ | ૧ |
| ૧૦૧ ) | " મોહનલાલ વાઘજી | ૧ |
| ૧૦૧ ) | બેન ડાહીબેન મોહનલાલ | ૧ |
| ૧૦૧ ) | શેઠ મગનલાલ સુંદરજી | ૧ |
| ૧૦૧ ) | " ચંદ્રકાંત હરિલાલ | ૧ |
| ૧૦૧ ) | દોશી બાવચંદ જાદવજી | ૧ |
| ૧૦૧ ) | ન્યાલચંદ મલુકચંદ | ૧ |
| ૧૦૧ ) | જીવાનમલ સંઘવી | ૧ |
| ૧૦૧ ) | મોહનલાલ સંઘવી | ૧ |
| ૧૦૧ ) | સંઘવી ચંદુલાલ શીવલાલ | ૧ |
| ૧૦૧ ) | શેઠ ખેમરાજજી-ખેરાગઢ | ૧ |
| ૧૦૧ ) | બેન હેમુકુંવરબેન કામાણી | ૧ |
| ૧૦૧ ) | શા. કુંવરજી જાદવજી | ૧ |
| ૧૦૧ ) | " આણંદજી નાગરદાસ | ૧ |
| ૧૦૧ ) | " માણેકચંદ વેલશી | ૧ |
| ૧૦૧ ) | ભાયાણી હરીલાલ જીવરાજ | ૧ |
| ૧૦૧ ) | કોઠારી ભુરાલાલ ભુદરજી | ૧ |
| ૧૦૧ ) | દોશી રામજીભાઈ માણેકચંદ | ૧ |
| ૧૦૧ ) | વાડીલાલ જગજીવન | ૧ |
| ૧૦૧ ) | બેન કસુંબાબેન ભુરાલાલ | ૧ |
| ૧૦૧ ) | " મહાલક્ષ્મીબેન | ૧ |
| ૧૦૧ ) | શા. ધીરજલાલ હરજીવન | ૧ |
| ૧૦૧ ) | " પ્રેમચંદ લખમીચંદ | ૧ |
| ૧૦૧ ) | " ફુલચંદ હંસરાજ | ૧ |
| ૧૦૧ ) | " ચુનીલાલ લખમીચંદ | ૧ |
| ૧૦૧ ) | " દોશી હરીલાલ શીવલાલ | ૧ |
| ૧૦૧ ) | બાલુભાઈ ત્રીભોવનદાસ રાયપુરવાળા | ૧ |
| ૧૦૧ ) | હીંમતલાલ હરગોવનદાસ | ૧ |
| ૧૦૧ ) | કામદાર જયંતીલાલ હરીચંદ | ૧ |
| ૧૦૧ ) | શેઠ ભગવાનદાસ છગનલાલ | ૧ |
| ૧૦૧ ) | ગાંધી રમણીકલાલ હરીચંદ ( ભાયચંદ ગાંધીના ભત્રીજા ) | ૧ |
| ૧૦૧ ) | ભાયાણી નગીનદાસ હીરાલાલ | ૧ |
| ૧૦૧ ) | શા. જગજીવનદાસ ચતુરદાસ | ૧ |
| ૨૦૨ ) | શેઠ જેઠાલાલ સંઘજીભાઈ | ૨ |
| ૧૦૧ ) | ભાયાણી હરીલાલ ચુનીલાલ | ૧ |
| ૨૦૨ ) | નેમીદાસ ખુશાલદાસ | ૨ |

( પરચુરણ રસોડા ખાતે આવ્યા તે )

| | |
|---|---|
| ૧૦૧ ) | પોપટલાલ મોહનલાલ |
| ૧૦૧ ) | માણેકલાલ કસ્તુરચંદ તલાટી |
| ૨૦૧ ) | ગોંડલ મુમુક્ષુ મંડળ |
| ૫૦૧ ) | નવનીતલાલ સી ઝવેરી |

( સુધારા ખાતે )

| | |
|---|---|
| ૫૦૧ ) | પુનમચંદ મલુકચંદ |

( વાસણ ખાતે )

| | |
|---|---|
| ૧૦૬ ) | વઢવાણ શહેર મુમુક્ષુ મંડળ |
| ૧૦૧ ) | વાંકાનેર મુમુક્ષુ મંડલ |
| ૪૦૧ ) | અમદાવાદ મુમુક્ષુ મંડલ |

૮૦૭૩

# આ અંકે આપનું લવાજમ પુરૂ થાય છે.

'આત્મધર્મ' પત્રનું આપનું લવાજમ તા. ૨૮-૧૦-૬૨ના રોજ પુરું થાય છે, તો આપને વિનંતિ કરવાની કે આપનું લવાજમ રૂા. ૪-૦૦ રૂપિયા ચાર પુરા મ૦ ઓ૦ થી મોકલવા યોગ્ય કરશો. આ સૂચનાપત્ર બાદ પંદર દિવસ સુધીમાં આપના લવાજમની રકમ અથવા કોઈ પણ પ્રત્યુતર આપના તરફથી નહિ મળે તો લવાજમની રકમ સાથે રૂા. ૪-૬૨ નું વી. પી. પી કરવામાં આવશે જે સ્વીકારી લેવા વિનંતી છે, મનીઓર્ડર ખર્ચ ૦-૧૫ નય પૈસા આવે છે, જ્યારે વી. પી. ખર્ચ રૂા. ૦-૮૦ નયા પૈસા થાય છે એટલે મ. ઓ. થી જ આપનું લવાજમ મોકલી આપશો એવી આશા છે. જેથી વી. પી. નાં ખોટા ખર્ચમાંથી બચી શકાય, અને અંક આપને વખતસર મળી જાય.

દિ૦ જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ ( સૌરાષ્ટ્ર )

---

મનીઓર્ડર અગર પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અવશ્ય લખશો.

નવા ગ્રાહક હોય તો "નવા" ખાસ લખવું

---

કેટલાક ભાઈઓને આત્મધર્મના અંકો મળતા નથી એમ જાણવામાં આવ્યું છે. તો જેમને અંક મળતા ન હોય તેમણે પોતાનું પુરૂં સરનામું સ્પષ્ટ અક્ષરોમાં ગામ, તાલુકો જીલ્લા સાથે આત્મધર્મ કાર્યાલય, સોનગઢને લખવું.

## બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા

શ્રી હરજીવન ગીરધરભાઈ ( બોટાદવાળા ) એ તથા તેમના ધર્મપત્નિ સૌ. શ્રી સુરજ બેહેન પૂ. ગુરુદેવ સમક્ષ આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા અંગીકાર કરી તે બદલ ધન્યવાદ.

( ભાદરવા સુદી ૩ )

## નવું પ્રકાશન

**કવિવર ટેકચંદજી કૃત-**

૧. પંચમેરૂ નંદીશ્વરપૂજન વિધાન તથા વર્ધમાન નિર્વાણ, ૨૪ જિન નિર્વાણપૂજન તથા ત્રૈલૌક્ય જિનાલય-કુંડલવર, રૂચક ગિરિવર આદિ જિનાલય પૂજા સંગ્રહ.

હિન્દીભાષામાં પૃ. સંખ્યા ૧૮૦ મૂલ્ય, ૧-૦૦

પોસ્ટેજ ૦-૬૨ નયા પૈસા.

૧. કવિવર ટેકચંદજી કૃત-દશ લક્ષણ વ્રત વિધાનાદિ પૂજા

ભાષા હિન્દી મૂલ્ય ૦-૭૫ પોસ્ટેજ ૦-૨૫ નયા પૈસા

**આ અંકની પ્રભાવના અર્થે રૂા. ૨૫૧ ) ધર્મપ્રેમી ભાઈશ્રી નવનીતલાલ સી. ઝવેરી મુંબઈવાળા તરફથી પ્રકાશનાર્થે મળ્યા છે.**

**સુભાષિત**-ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં ઉજ્વલ આત્માઓનો સ્વતઃ વેગ વૈરાગ્યમાં ઝંપલાવવું એ છે-શ્રીમદ રાજચંદ્ર

# મોક્ષસ્વભાવનું ગ્રહણ અને સંસારનો ત્યાગ

આત્મામાં અનંત અપૂર્વ પુરુષાર્થથી કેવળજ્ઞાન પ્રગટ કરવાની શરૂઆત સમ્યગ્દર્શનની જ થાય છે. પૂર્ણતાને લક્ષે તે શરૂઆત થાય છે. પરાશ્રય વિનાનો પૂર્ણજ્ઞાનાનંદસ્વભાવી છું એવો નિશ્ચય હોવા છતાં ચારિત્રમાં અસ્થિરતાથી પુણ્યપાપની વૃત્તિ ઊઠે પણ તેનો દ્રષ્ટિમાં નકાર વર્તે છે. પરમાં ઠીક અઠીક માનીને અટકવાનો મારો સ્વભાવ નથી. એકરૂપ અસંગપણે જાણવું તે મારો સ્વભાવ છે એમ જ્ઞાની માને છે.

જેમ અરિસાની સ્વચ્છતામાં અગ્નિ, બરફ, વિષ્ટા સુવર્ણ પુષ્પાદિ દેખાય છતાં અરીસાને તેનાથી કાંઈ વિકૃતિ થતી નથી અનેક ચીજો અનેકપણે દેખાય તે તેની સ્વચ્છતા છે. ઉપાધી નથી; તેમ મારા જ્ઞાન દર્પણની સ્વચ્છતામાં પર પદાર્થ જણાય પણ તે આત્મામાં ગુણ-દોષ કરાવવા સમર્થ નથી.

જ્ઞાયક આત્મા કોઈ સંયોગમાં, કોઈ પણ ક્ષેત્ર-કાળમાં પોતાના સ્વભાવને છોડનાર નથી. ધ્રુવ સ્વભાવમાં ઉણપ, વિભાવ અને સંયોગ હોતાં નથી. અખંડ સ્વભાવના આશ્રયથી નિર્મળ પર્યાય પ્રગટે છે. નવતત્ત્વની શ્રદ્ધા આદિના શુભ વિકલ્પ આવે તે મોક્ષમાર્ગમાં મદદગાર નથી. બાહ્યદ્રષ્ટિ-વ્યવહારદ્રષ્ટિથી જોતાં પર નિમિત્તાદિના ભેદ દેખાય છે. અંતરદ્રષ્ટિમાં અભેદજ્ઞાયકસ્વરૂપ અસંગ આત્મા દેખાય છે. તેના આશ્રય વડે જ મોક્ષસ્વભાવનું ગ્રહણ અને બંધનના કારણરૂપ આસ્રવનો ત્યાગ થાય છે.

જેટલા અંશે સ્વને ચૂકે છે પરાશ્રયનું જોડાણ કરે છે તેટલા અંશે શુભાશુભ ભાવ થાય છે તેનાથી રહિત ત્રિકાળી એકરૂપ ધ્રુવ જ્ઞાયક ભાવને આત્મા કહ્યો છે.-મલિન આસ્રવોને આત્મા કહ્યો નથી. પૂર્ણ સ્વતંત્ર જ્ઞાયકસ્વભાવનું જેને માહાત્મ્ય આવ્યું તેને દુનિયાદારીના મલાવા અંતરથી છૂટી જાય છે. તું રુચતાં જગતની રુચિ આળસે સૌ દેહાદિ કોઈ સંયોગમાં તેને મહત્તા દેખાતી નથી. અનિત્ય સ્વાંગ જોઈને મુંઝાતો નથી. જેણે ત્રિકાળ જ્ઞાયકના લક્ષે અહંકાર-મમકાર અને પરાશ્રયનો સ્વિકાર કરનારી નિમિત્તાધીનદ્રષ્ટિ છોડી તેણે સંસારભાવ છોડયો અને પૂર્ણ સ્વતંત્ર મોક્ષસ્વભાવને ગ્રહણ કર્યો.( સમયસાર ગા૦ ઉપરના પ્રવચનોમાંથી )

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટવતી પ્રકાશક અને મુદ્રકઃ- હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રીન્ટીંગ પ્રેસ ભાવનગર